આજનો સુવિચાર
જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી પ્રાપ્ત થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૬૬ જૂનાગઢ તા.૨૬-૦૬-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 166, Junagadh : Date : 26 Jun, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

સંપૂર્ણ શુધ્ધ, નેચરલ, ફરાળી ગોલ્ડ સિંગતેલ
ટોકોફેરોલ્સથી સમૃધ્ધ પ્રીમીયમ કપાસિયા તેલ
હલકું ફુલકું પ્રીમીયમ સનફ્લાવર ઓઈલ
Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
RANI®
Premium Edible Oils
જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ :
ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036

# ઓમ બિરલા બીજીવાર લોકસભાનાં સ્પીકરપદે ચુંટાયા



## વડાપ્રધાન મોદી અને રાહુલ ગાંધીએ અભિનંદન પાઠવ્યા : ધ્વની મતથી ઓમ બિરલાને ચુંટાયેલા જાહેર કરાયા

નવી દિલ્હી તા. ૨૬

ઓમ બિરલા લોકસભાના સ્પીકરપદે સતત બીજીવાર ચુંટાઈ આવ્યા છે. પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબે તેમને ધ્વની મત દ્વારા વિજેતા જાહેર કર્યા હતા. આ પહેલા વડાપ્રધાન મોદીએ તેમના નામનો પ્રસ્તાવ મુક્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું- ગૃહ ભાગ્યશાળી છે કે તમે બીજી વખત આ બેઠક પર બેઠા છો. મારા વતી હું તમને અને આ સમગ્ર ગૃહને અભિનંદન આપું છું.

એનડીએ સ્પીકર ઉમેદવાર ઓમ બિરલાનો મુકાબલો કોંગ્રેસના સાંસદ કે. સુરેશ સામે હતો. લોકસભા સ્પીકરને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ વધી ગયું હતું.

એનડીએના ઉમેદવાર ઓમ બિરલા સામે ઈન્ડિયા બ્લોકે પણ પોતાના ઉમેદવાર કે. સુરેશને ઉતાર્યા હતા. પરંતુ ધ્વની મતથી લોકસભાનાં સ્પીકરપદે ઓમ બિરલાની બીજી ટર્મ માટે વરણી થતાં આખરે ઘીના ઠામમાં ઘી પડી ગયું છે.

ઓમ બિરલાની સ્પીકરપદે વરણી બાદ તેમણે સંસદનું અધ્યક્ષ સ્થાન ગ્રહણ કર્યુ હતું. ત્યારબાદ શાસક અને વિપક્ષનાં સાંસદોએ ગૃહમાં ચર્ચામાં ભાગ લેતા ઓમ બિરલાની સ્પીકરપદની વરણીને આવકારતા અનેક સુચનો કર્યા હતા. જેમાં રાહુલ ગાંધીએ કહયું કે, ઈન્ડીયા ગઠબંધન તરફથી અનેક શુભેચ્છાઓ, લોકસભામાં અને તંદુરસ્ત લોકશાહીમાં વિપક્ષનો અવાજ મહત્વપૂર્ણ છે. જયારે સમાજવાદી પાર્ટીનાં અખીલેશ યાદવે કહયું કે, કોઈપણ જનપ્રતિનીધિનો અવાજ દબાવવામાં આવે નહી, સ્પીકરનો અંકુશ સત્તા પક્ષ પર પણ રહેવો જોઈએ અને ગૃહમાંથી સસ્પેન્ડ જેવી કાર્યવાહી થવી જોઈએ નહી. વિપક્ષનો અવાજ દબાવવો અલોકતાંત્રીક છે તેમ જણાવતા અખીલેશ યાદવે શુભકામનાઓ પાઠવી હતી. સમાન પ્રકારે સુપ્રિયા સુલે, ઔવેશી સહિતનાં સાંસદોએ તેમના અભિપ્રાયો સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# પેપર લીક કૌભાંડમાં ભાજપ - જેડીયુનાં નેતાઓનાં નામો ખુલ્યા

નવી દિલ્હી તા. ૨૬

બહુચર્ચિત પેપર લીક કૌભાંડમાં બિહાર ભાજપ અને જેડીયુના નેતાઓના ખાસ માણસોનાં નામ એક પછી એક ખૂલી રહ્યાં છે. જેના કારણે શિક્ષણ મંત્રાલય પેપર લીક કૌભાંડીઓને છાવરી રહ્યું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. પેપર ફોડીને કરાયેલા ભ્રષ્ટાચારનાં નાણાં લોકસભાની ચૂંટણીમાં વપરાયાં હોવાનોં પણ આક્ષેપ થયો છે.

નીટ પેપર લીક કૌભાંડનો સૂત્રધાર સંજીવ મુખિયાનો પુત્ર શિવ ડોક્ટર છે જ્યારે અન્ય આરોપી સિકંદર યાદવની દીકરી અને જમાઈ પણ ડોક્ટર છે. આ બંને કૌભાંડ દ્વારા એડમિશન મેળવીને તો ડોક્ટર નથી બન્યાં ને એ સવાલ પણ ઉઠયો છે. ડો. શિવ આ કેસમાં સંડોવાયેલો હોવા છતાં તેને બારોબાર જામીન મળી જતાં નીતિશ કુમાર અને ચિરાગ પાસવાન બંને શંકાના દાયરામાં છે.

નીટ પેપર લીક કાંડનો બીજો સૂત્રધાર અમિત આનંદ બિહાર ભાજપના દિગ્ગજ નેતા ડો. સંજય જયસ્વાલનો કાર્યાલય મંત્રી છે. તેની પણ નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સાથેની તસવીરો વાયરલ થઈ છે. સંજીવ મુખિયાની પત્નિ મમતાની બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથેની તસવીરો વાયરલ થઈ છે.

## અમેરીકામાં અંધાધુંધ ગોળીબાર : પાંચનાં મોત

ન્યૂયોર્ક,તા.૨૫

અમેરિકામાં ફરી એકવાર અંધાધૂંધ ગોળીબારની ઘટના બની છે. લાસવેગાસમાં એક હુમલાખોરે બે એપાર્ટમેન્ટના પરિસરમાં બેફામ ગોળીબાર કરતા પાંચ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા. આ ઘટના બાદ હુમલાખોરે પોતે પણ આપઘાત કરી લીધો હતો.

લાસ વેગાસ પોલીસના અહેવાલ અનુસાર હુમલાખોરની ઓળખ ૪૭ વર્ષીય એરિક એડમ્સ તરીકે થઈ હતી. ગોળીબારમાં મૃત્યુ પામનારા લોકોમાં ૧૩ વર્ષની બાળકી પણ સામેલ છે. તેને ગંભીર હાલતમાં આઈસીયુ ખસેડવામાં આવી હતી. જયારે અન્ય બે ૨૦ વર્ષીય મહિલાઓને ગોળી વાગતાં તે પણ મૃત્યુ પામી હતી

ગોળીબારીની ઘટના વિશે જાણકારી મળતાં જ પોલીસે હુમલાખોર એડમ્સની શોધખોળ હાથ ધરી હતી. પછી જાણકારી મળી કે તે ઈસ્ટ લેક મીડ બુલેવાર્ડમાં છુપાયો છે. પોલીસે તેને ઘેરી લીધો પણ પોલીસની સામે આત્મસમર્પણ કરવાની જગ્યાએ હુમલાખોરે પોતાની જાતને ગોળી મારી આપઘાત કરી લીધો હતો.

## ૭ વર્ષમાં ૩૭ લાખ નાના ઉદ્યોગો બંધ : ૧.૩૪ કરોડ લોકો બેરોજગાર બન્યા

નવી દિલ્હી તા. ૨૬ :

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની માહિતીનું વિશ્લેષણ દર્શાવે છે કે દેશભરમાં છેલ્લા ૭ વર્ષમાં ૩૭ લાખ નાના ઉદ્યોગો બંધ થઈ ગયા અને તેમાં કામ કરતા ૧ કરોડ ૩૪ લાખ લોકો બેરોજગાર થઈ ગયા છે. આ આંકડો ઉત્પાદન, વેપાર અને સેવા ક્ષેત્ર અથવા નાના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો સાથે સંબંધિત નાના અસંગઠિત એકમોનો છે. એકલા મેન્યુફેક્ચરિંગ સેકટરમાં જ આવા ૧૮ લાખ યુનિટ બંધ થઈ ગયા, જેના કારણે ૫૪ લાખ લોકો બેરોજગાર થઈ ગયા છે.

છેલ્લા દિવસો... છેલ્લી તક...
ખરીદી કરવા જરૂર પધારો નહીંતર અફસોસ....
દરેક સ્કુલ યુનિફોર્મ તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
જેવા કે, કેન્દ્રીય વિદ્યાલય, કિશોર એકેડેમી, કોન્વેન્ટ, કનેરીયા તેમજ બીજી અન્ય સ્કુલોના કપડા
બોમ્બે બજાર
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

સી. સી. પડદાવાળા
● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડ્યુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ
પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે
તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

તાત્કાલીક માણસો જોઈએ છે
દુબઈ માટે: • ઓફિસ બોય • ઈલેક્ટ્રીશ્યન • સેલ્સમેન • પ્લમ્બર • કારપેન્ટર • વેલ્ડર
કુવૈત માટે: • ડ્રાઈવર • જે.સી.બી. ઓપરેટર • શોપીંગ મોલ
સાઉદી માટે: • ડ્રાઈવર
સિંગાપુર માટે: • હોટલ • ફેક્ટરી હેલ્પર
માલ્ટા માટે: • હોટલ
ઈઝરાયલ માટે: • કાર્પેન્ટર, ઈલેક્ટ્રિશ્યન, એલ્યુમિનિયમ સેકશન માટે મેશન
:: ઉંમર :: 19 થી 45 વર્ષ | પાસપોર્ટ અને P.C.C. ધરાવતા વ્યક્તિએ જૂનાગઢ કોન્ટેક્ટ કરવો | વિઝા/ટિકિટ આવે પછી પેમેન્ટ
Mo. 93281 72180 / 63549 69729

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

લોન...લોન... લોન...
લોન માટેનું શ્રેષ્ઠ માધ્યમ એટલે રાધે લોન
(ફોન ઉપર તમામ માહિતી આપવામાં આવશે)
હોમ લોન | મોર્ગેજ લોન | બિઝનેસ લોન | એજ્યુકેશન લોન | પ્રોજેક્ટ લોન | મશીનરી લોન
રાધે લોન
સંપર્ક : ધાર્મિકભાઈ ભટ્ટ મો. ૯૦૩૩૭ ૬૪૫૫૩
૧૪૭, પહેલો માળ, HDFC ઉપર, એપલવુડ સીટી મોલ, મધુરમ, જૂનાગઢ

જુનાગઢમાં
ધંધો શરૂ કરો
માત્ર 7900/- માં
પાર્ટ ટાઈમ/ફુલ ટાઈમ
ટ્રેનીંગ અને સર્પોટ મળશે.
Jignesh Patel - 85112 72258

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો

જુનાગઢમાં
ધંધો શરૂ કરો
માત્ર 7900/- માં
પાર્ટ ટાઈમ/ફુલ ટાઈમ
ટ્રેનીંગ અને સર્પોટ મળશે.
Nidhi Patel - 81560 62256

# ખાડાઓમાં અનેક ખાબકયા : જૂનાગઢનાં જેલ રોડ પર દરરોજ રાહદારીઓ-વાહનોનાં અકસ્માતની સંખ્યાબંધ ઘટનાઓ



જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ શહેરમાં જેલ રોડ પર ખોદાયેલા ખાડાઓમાં દરરોજ સંખ્યાબંધ લોકો ખાબકે છે. રાહદારીઓ અને વાહનોનાં અકસ્માતની દરરોજ અનેક ઘટનાઓ બને છે. પરંતુ તંત્રનાં બહેરા કાને એકપણ ફરીયાદ અખથડાતી નથી. અખબારોમાં વારંવાર અહેવાલો પ્રસિધ્ધ કરવામાં આવ્યા હોવા છતાં તંત્રનાં નઘરોળ અધિકારીઓને કાંઈ પડી નથી. અને લોકો જીવના જોખમે જેલ રોડ પરથી પસાર થાય છે. તેમાં અનેક લોકો અકસ્માતનો ભોગ બન્યા છે અને આજે પણ બની રહયા છે. અકસ્માતને કારણે ટ્રાફીકજામ સર્જાય છે. ગઈકાલે જેલની આગળનાં ચોક પર અનેક વાહનો ફસાયા હતાં. આ રસ્તા પર જે કોઈપણ વાહન લઈને નીકળે એટલે તુરત જ ખાડામાં જાય છે. જેલ રોડ કયારે રીપેર થશે તે કોઈ જણાવી શકતું નથી. પ્રજા પિસાતી રહે છે. અકસ્માતનો ભોગ બનતી રહે છે અને અધિકારીઓ એસી ઓફીસમાં કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા છે. ત્યારે પ્રજા ખરેખર રામ ભરોસે મુકાઈ ગઈ છે. આ પરિસ્થિતિનો કયારે અંત આવશે ? તેવો સવાલ પુછાઈ રહયો છે.

### જૂનાગઢનાં સાંસદ રાજેશ ચુડાસમાનાં ધમકી ભર્યા નિવેદન સામે

# ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ હુમલાની દહેશત વ્યક્ત કરી- પોલીસમાં લેખીત ફરીયાદ આપી

## જિલ્લા પોલીસવડાને પત્ર લખીને પોતાને ડર લાગી રહ્યો હોય કાર્યવાહી કરવાની માંગણી કરી





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

લોકસભા ચૂંટણીના પરિણામ આવ્યા બાદ ભાજપમાં રહેલ આંતરીક જૂથવાદ સામે આવી રહ્યો છે. દરમ્યાન ગીર સોમનાથમાં આભાર દર્શનના એક કાર્યક્રમમાં જૂનાગઢનાં સાંસદે જાહેર મંચ પર થી કહ્યું હતું કે, ભાજપ હિસાબ કરે કે ના કરે... પણ મને ચુંટણીમાં જે નડ્યા છે એને હું આ પાંચ વર્ષમાં નહીં મુકું..." આ નિવેદનને લઈ વેરાવળ લોહાણા સમાજના અગ્રણી અને જિલ્લા ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ પોલીસવડાને લેખીત પત્ર લખીને સાંસદ તેના મળતીયાઓ મારફત પોતાના પર હૂમલા કરાવી શકે તેવી દહેશત વ્યક્ત કરી છે. જેથી આ મામલે કાર્યવાહી કરવા માંગણી કરી છે.

વેરાવળ ખાતે રહેતા અને બીલ્ડીંગ કોન્ટ્રાકટર લોહાણા સમાજની સેવાકીય પ્રવૃતિ કરતા અને જિલ્લા ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ જિલ્લા પોલીસવડાને લેખિત અરજી કરી છે. અરજીમાં જણાવ્યા અનુસાર રાજેશ ચુડાસમા વિરૂદ્ધ ગત ચૂંટણી સમયે કામગીરી કરી હોય આ ઉપરાંત સેવાભાવી તબીબ ડો.અતુલ ચગની આત્મહત્યામાં નોંધાયેલ ગુનામાં સાંસદ આરોપી હોવાથી તેમાં ન્યાય અપાવવા માંગણી કરતા નિવેદનો કરી સાંસદનો વિરોધ કર્યો હતો. દરમ્યાન થોડા દિવસ પહેલા જાહેરમંચ પરથી સાંસદે ધમકીભર્યુ નિવેદન આપતા કહેલ કે, 'ભાજપ હીસાબ કરે કે ના કરે પણ હું આ પાંચ વર્ષમાં મને જે નડયા છે તેને મુકવાનો નથી. જેથી મને ડર લાગી રહ્યો હોય સાંસદ તેમના મળતીયાઓ દ્વારા મારા પર હુમલો પણ કરાવી શકે છે. અને મારો પરિવાર પણ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. ત્યારે આ મામલે યોગ્ય કાર્યવાહી કરી તેમને સુરક્ષાની ખાત્રી કરાવવા માંગણી કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડો. અતુલ ચગ આપઘાત કેસમાં સાંસદ રાજેશ ચુડાસમા અને તેના પિતા નારણભાઈ ચુડાસમા વિરૂધ્ધ ગુનો નોંધાયો હોય તપાસ ચાલુ છે. જયારે કોર્ટ દ્વારા આરોપીઓની ધરપકડ કરવી નહીં એવો કોઈ સ્ટે કે હુકમ કરેલ ન હોવા છતાં આરોપી સાંસદ રાજેશ ચુડાસમા અને તેના પિતા નારણભાઈની હજુ સુધી પોલીસે અટકાયત કે ધરપકડ કરી નથી. જીલ્લા ભાજપના કારોબારી સભ્ય અને લોહાણા સમાજના અગ્રણી રાકેશ દેવાણીની ફરીયાદ પર ગીર સોમનાથ પોલીસ કેવી કાર્યવાહી કરે છે તે તરફ સૌની મીટ મંડાયેલી છે.

### ચુંટણીનાં પરીણામો બાદ ભાજપમાં જૂથવાદ સપાટી પર આવ્યું

ચુંટણી પરીણામો આવ્યા બાદ સોરઠનું રાજકારણ ગરમાયુ છે. એક પછી એક ભાજપના જવાબદાર નેતાઓ ચર્ચાસ્પદ નિવેદનો કરી રહ્યા છે. જેમાં માણાવદરના પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડાએ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સામે વિડીયો મારફતે નિવેદનો કર્યા બાદ જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાએ કાર્યકરોને કરેલા સંબોધનમાં ધમકીભર્યુ નિવેદન કરતા રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ત્યારે હવે આ નિવેદન સામે જીલ્લા ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ પોલીસમાં સાંસદ સામે જ ફરીયાદરૂપી લેખીત અરજી કરી છે. આમ સોરઠ ભાજપના નેતાઓમાં દબાયેલો જૂથવાદ ખુલીને બહાર આવ્યો છે ત્યારે આગામી દિવસોમાં હજુ ઘણા રાજકીય વિસ્ફોટો થશે તેવું રાજકીય તજજ્ઞોમાં ચર્ચાય રહ્યુ છે.

# ગણેશ જાડેજા સહિત પાંચ આરોપીઓની જામીન અરજી કોર્ટે ફગાવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢના યુવાનનું અપહરણ કરીને નિર્વસ્ત્ર કરી વિડીયો ઉતારી માર મારવાના મામલે જેલમાં રહેલા ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જયરાજસિંહ જાડેજા સહિતના પાંચ મુખ્ય આરોપીએ જામીન ઉપર મુક્ત થવા અત્રેની કોર્ટમાં અરજી કરી હતી. ગઈકાલે સેસન્સ કોર્ટે અરજદાર આરોપીઓની અરજી ના મંજુર કરી દીધી છે. જેમાં કોર્ટે કહ્યું કે, આરોપીઓને જાની ઉપર મુક્ત કરવાથી પુરાવા સાથે ચેડા થવાની શકયતા જણાય આવે છે. અપહરણ, હત્યાની કોશિષ, એટ્રોસિટી, આમર્સ એકટ જેવા ગંભીર કેસના આરોપી એવા જયતિરાદીપસિંહ ઉર્ફે ગણેશ જયરાજસિંહ (ઉ.વ.૨૫) રહે.ગોંડલ, જયરાજસિંહ ઉર્ફે જે.કે. રાણા ક્રિપાલસિંહ રાણા (ઉ.વ.૨૮) રહે.ભડવાળ, સુરેન્દ્રનગર, ઈન્દ્રજીતસિંહ દાદુ જાડેજા (ઉ.વ.૨૮) રહે.ભરૂડી, ગોંડલ, પૃથ્વીરાજસિંહ રેવતુ જાડેજા (ઉ.વ.૩૨) રહે. હડમતાળા, દિગપાલસિંહ કેશરીસિંહ જાડેજા(ઉ.વ.૨૮) રહે.હડમતાળા) નામના પાંચ આરોપીઓએ રેગ્યુલર જામીન મેળવવા માટે ગત તા.૧૫ના રોજ જૂનાગઢ સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી. જે અરજી પછી આ ફરિયાદી સંજય સોલંકીના વકીલ અને પોલીસ દ્વારા આરોપીઓને જામીન ના મળે તે માટે સોગંધનામું અને વાંધા અરજીઓ મુકી હતી. જેમાં પોલીસે જણાવ્યું હતું કે, આ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. અરજદાર મુખ્ય આરોપીઓ છે. તમામ વગદાર હોય અને માત્રને માત્ર પોતાનો અહમ સંતોષવા માટે બનાવને અંજામ આપેલ છે. જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી ગુનાને અંજામ આપશે અને કાયદાનો ડર રહેશે નહી. આ તકે કોર્ટે બંને પક્ષોની દલીલોને સાંભળીને ચુકાદો આપ્યો હતો. આ જામીન અરજી અંગે સેસન્સ કોર્ટના ચોથા એડીશનલ જજ બીનાબેન ઠક્કરએ ચુકાદો આપતા જણાવ્યું કે, હાલ આ ગુનાની તપાસ ચાલું છે, જેમાં અરજદાર નંબર એક એટલે ગણેશ જાડેજા મુખ્ય આરોપી છે, તપાસ દરમ્યાન અન્ય અરજદાર ચારેય આરોપીઓ ગુનામાં ફરિયાદીના અપહરણમાં ભાગ ભજવેલ છે તેવું તપાસના કાગળો વંચાણે લેતા રેકર્ડ ઉપર છે. જેથી અરજદાર આરોપીઓને જામીન મુકત કરવાથી તપાસ નાજુક તબક્કે હોય તપાસમાં અસર થાય તેમ છે. તેમજ મહત્વના પુરાવા સાથે ચેડા થવાની પણ શકયતા જણાતી હોય ત્યારે આ જામીન અરજી ના મંજુર કરવામાં આવે છે. આમ ગોંડલના ધારાસભ્યના પુત્ર સહિતના શખ્સોને હજુ જૂનાગઢ જેલમાં રહેવુંપડશે.

# જૂનાગઢમાં રૂા. ૧.૭૭ લાખની ઘરફોડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢનાં ઝાંઝરડા રોડ, જીવનધારા-૧ શેરી નં. ૩ બ્લોક નં. એ-૫૮માં રહેતા ટહેલરામ વિશનદાસ લાલવાણીએ અજાણ્યા ચોર સામે બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે ફરીયાદીના દિકરા તથા પત્ની નીચેના માળે મુખ્ય દરવાજાને તાળુ મારી ઉપરના માળે સુતા હતા અને સવારે ૬ વાગ્યે જાગતા કોઈ અજાણ્યા ચોરે રૂમનો દરવાજો તોડી કબાટમાંથી રોકડા રૂા. ૧,૨૦,૦૦૦ તથા સોનાની વીટી સવા તોલા કિંમત રૂા. ૩૦ હજાર, બીજી સોનાની વીટી અડધા તોલાની કિંમત રૂા. ૧૫ હજાર, લેડીઝ પર્સમાં રાખેલ કાનમાં પહેવારના સોનાના નાના દાણા આશરે રૂા. ૯ હજાર તથા રોકડા રૂા. બે હજાર, લેડીઝ ડીજીટલ ઘડીયાળ કિંમત રૂા. એક હજાર તથા ઘર પરીવારનાં સભ્યોનાં ડોકયુમેન્ટ સહીત કુલ રૂા. ૧,૭૭,૦૦૦ની ચોરી થયાની ફરીયાદ બી ડીવીઝનમાં નોંધાવતાં પીએસઆઈ પી.એમ. ગોરફાડે વધુ તપાસ હાથ ધરી છે.

## વંથલીનાં સોનારડી પાસેથી ૧૦૨ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

વંથલી તાબાના ધણફુલીયા ગામથી સોનારડી તરફ જતાં રોડ પર કાર નં. જીજે-૦૩-ડીડી ૦૫૫૩ રોકી તલાસી લેતાં વિદેશી દારૂની ૧૦૨ બોટલ, મોબાઈલ, કાર મળી કુલ રૂા. ૮૬,૬૦૦નાં મુદામાલ સાથે કાના મકવાણા, સમીર સાહીઉને ઝડપી લીધેલ છે. જેની પુછપરછ કરતાં દારૂનો જથ્થો આપનાર રવી ભુચી (ઉના), દારૂનો જથ્થો લેનાર અબુ સાંધ (ટીકર) હોવાનું જણાવ્યું હતું. આ બનાવ અંગે વંથલીનાં પીએસઆઈ વાય.બી. રાણાએ વધુ તપાસ હાથ ધરી છે.

### : અવસાન નોંધ :

વંથલી - રામાનંદી સાધુ જગદીશભાઈ જાનકીદાસ સુખાનંદી (ઉંમર ૮૦) તે જીતેન્દ્રભાઈ તેમજ વિજયભાઈ તથા મનીષાબેન મનહરભાઈ નિમ્બાર્કનાં પિતાશ્રીનું તા.૨૫/૬/૨૦૨૪નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭/૬/૨૦૨૪ ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન વંથલી. સૂરજ કુંડ બસ સ્ટેશન પાસે રાખેલ છે.



ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો
પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
(વાર-તહેવાર નિમિત્તે શુધ્ધ ઘી વાપરવાનો આગ્રહ રાખો)
ભેંસનું તેમજ ગાયનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ તાજુ ઘી ગેરંટીવાળુ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જૂનાગઢ જીલ્લામાં ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ

**જૂનાગઢ જીલ્લામાં બાલવાટિકા અને ધો. ૧ થી ૧૧માં કુલ - ૫૪૬૯૦ ભુલકાઓ, વિદ્યાર્થીઓને મંત્રી, પદાધિકારી, અધિકારીઓના હસ્તે શાળામાં પ્રવેશ આપવામાં આવશે : શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા શાળા પ્રવેશોત્સવ અંતર્ગત જૂનાગઢ જીલ્લાના પ્રવાસે**

જૂનાગઢ, તા.૨૬

રાજયમાં દરેક બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે વર્ષ ૨૦૦૨-૦૩થી તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો હતો જે આજે સતત ૨૧ વર્ષથી અવિરત રીતે ચાલી રહ્યો છે ત્યારે વર્ષ ૨૦૨૪ માં રાજ્યના ૬ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવે અને નિયમિત શાળાએ જાય તેવા પ્રયાસ સાથે જૂનાગઢ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની તમામ શાળાઓમાં આજ તા.૨૬ જૂનથી ૨૮ જૂન ત્રિ- દિવસીય કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે.

જૂનાગઢ જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉજવવામાં આવનાર છે. સવારે પ્રાથમિક શાળામાં અને બપોરે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાશે. આ ત્રણ દિવસ દરમ્યાન રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા આજ તા. ૨૬ના રોજ માંગરોળ ખાતે બંદર પ્રાથમિક શાળા માંગરોળ, પરમેશ વિદ્યાલય અને સોસાયટી બંદર પ્રા. શાળા અને તિરૂપતિ હાઈસ્કૂલ માંગરોળ ખાતે સવારે ૧૦.૦૦ થી ૦૧.૦૦ તથા તા. ૨૭ ના રોજ કેશોદ ખાતેના કલસ્ટર ઈન્દિરાનગરમાં આવતી શાળામાં સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી ઉપસ્થિત રહી બાળકોનો શાળા પ્રવેશ કરાવશે. જૂનાગઢ કલેકટર અનિલકુમાર રાણાવસિયા આજ તા.૨૬ થી ૨૮ના રોજ ભેસાણ અને વંથલી તાલુકાના ગામ ખાતે તેમજ જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન સહિતના જિલ્લાના અધિકારી અને પદાધિકારીઓ, ગાંધીનગર સચિવાલયના નાયબ સચિવ અને ઉપસચિવ સહિત જૂનાગઢ જિલ્લાના દરેક તાલુકાઓના ગામડે ગામડે ફરીને શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવશે. આમ ૩ દિવસ દરમ્યાન રાજ્ય કક્ષાએથી ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓની અધ્યક્ષતામાં પ્રવેશોત્સવ ધામધૂમથી ઉજવામાં આવશે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં વધુમાં વધુ વાલીઓ અને ગ્રામજનોની ભાગીદારી વધે તે માટે પ્રયાસ કરવામાં આવનાર છે. જૂનાગઢ જિલ્લામાં ચાલુ વર્ષે જૂન-૨૦૨૪ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં ૯૩૪૧ વિદ્યાર્થીઓને બાલવાટિકામાં, ધોરણ-૧ માં કુલ-૭૪૧૮, ધોરણ-૯માં કુલ-૨૦૪૦૧ અને ધોરણ-૧૧માં કુલ-૧૭૫૩૦ મળી જિલ્લામાં કુલ – ૫૪૬૯૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

# માંગરોળ ખાતે નીળિયેરીના રોપાનુ વહેલા તે પહેલાના ધોરણે વેચાણ કરવામાં આવશે

જૂનાનાઢ તા. ૨૬



ગુજરાત સરકારના બાગાયત ખાતા હસ્તકની ફળ નર્સરી, રાણીબાગ, માંગરોળ ખાતે દેશી તથા હાઈબ્રિડ ટી.ડી તેમજ ડી.ટી જાતના નાળિયેરના રોપાનું વેચાણ ચાલુ છે. જે ખેડુત મિત્રોને નીળિયેરના રોપાની જરૂરીયાત હોઈ તેઓએ બાગાયત અધિકારીની કચેરી, ફળ રોપા ઉછેર કેન્દ્ર, રાણીબાગ, પોરબંદર રોડ, માંગરોળ ખાતે રૂબરૂ મુલાકાત લઈ ખરીદી કરવાનું બાગાયત અધિકારીશ્રીની કચેરી, માંગરોળની એક અખબારી યાદીમાં જણાવાયું છે. દેશી નાળિયેર રોપ રૂા.૭૦/રોપ, હાઈબ્રિડ ટી.ડી નાળિયેર રોપ રૂા.૧૫૦/રોપ, તથા હાઈબ્રિડ ડી.ટી નાળિયેર રોપ રૂા.૨૫૦/રોપ ના ભાવે વહેલા તે પહેલાના ધોરણે રોપાનું વેચાણ કરવામાં આવશે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જૂનાગઢમાં નિઃશુલ્ક યોગ ટ્રેનર તાલિમ શરૂ થશે

જૂનાગઢ, તા.૨૬

ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા જૂનાગઢ ખાતે યોગ કોચ વૈશાલી ચુડાસમા દ્વારા યોગ ટ્રેનર તાલિમ આપવામાં આવશે. તેમજ આ તાલિમ પુરી કરનાર તાલિમાર્થીને સરકાર માન્ય યોગ ટ્રેનરનું સર્ટિફિકેટઆપવામાં આવશે. તથા તાલિમાર્થી પોતાના યોગ ક્લાસ શરુ કરી ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા માનદ વેતન પણ મેળવી શકશે. યોગ તાલિમ સવારે ૬ઃ૩૦ થી ૭ઃ૩૦ અને સાંજે ૪ઃ૩૦ થી ૫ઃ૩૦ દરમ્યાન કાલરિયા સ્કુલ સામે,રાધે ક્રિષ્ના બંગલો મોતી બાગ રોડ ખાતે રાખવામાં આવેલ છે. મર્યાદિત સંખ્યા હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ૯૭૨૭૦૨૧૨૫૮ ઉપર રજિસ્ટ્રેશન કરાવવું. વધુ માહિતી માટે મો.નં ૯૭૨૭૦૨૧૨૫૮ ઉપર સંપર્ક કરવો.

# ત્રિવેણી સંગમરૂપ ત્રણ સંસ્થા દ્વારા જૂનાગઢમાં દિવ્યાંગ ભાઈઓ- બહેનો માટે જનજાગૃતિ શિબિર યોજાઈ





જૂનાગઢ, તા.૨૬

ત્રિવેણી સંગમરૂપ ત્રણ સંસ્થા દ્વારા રાજ્ય કક્ષાની દિવ્યાંગ ભાઈઓ અને બહેનો માટેની જનજાગૃતિ શિબિર ગાયત્રી મંદિર, ગીરનાર રોડ જૂનાગઢ ખાતે યોજાઈ હતી. દિવ્યાંગ અધિકાર મંચ ગુજરાત પ્રદેશ કક્ષાની આ શિબિરમાં ગુજરાતના તમામ જિલ્લા - તાલુકાના દિવ્યાંગ ભાઈઓ અને બહેનોના પ્રતિનિધિઓ દ્વારા દિવ્યાંગોને લગતા પ્રશ્નો તેમજ તેને વાચા આપતો જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટક તરીકે સમાજ સુરક્ષા - જૂનાગઢના પ્રતિનિધિ નયનાબેન પુરોહિત, નરેશભાઈ સોલંકી, લોકસાહિત્યકાર અમુદાનભાઈ ગઢવી, લોકસાહિત્યકાર વિક્રમ દાનભાઈ ગઢવી, ગાયત્રી શક્તિ પીઠ ટ્રસ્ટના મેને. ટ્રસ્ટી નાગભાઈ વાળા, સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, દિવ્યાંગ મંચ ગુજરાત પ્રદેશના પ્રમુખ રમેશભાઈ કોરાટ, અરવિંદભાઈ મારડિયા, અંધ કન્યા છાત્રાલયના મેને. ટ્રસ્ટી મુકેશગીરી એસ મેઘનાથી, દાતાર સેવક બટુકબાપુ, કમલેશભાઈ પંડ્યા, અલ્પેશભાઈ પરમાર, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, સમીરભાઈ દતાણી, ઉષાબેન કાકડીયા, ગીતાબેન મહેતા, ચેતનાબેન પંડયા, વર્ષાબેન બોરીચાંગર વગેરે મહેમાનો દ્વારા દીપ પ્રગટાવી દિવ્યાંગ શિબિરને ખુલ્લી મુકવામાં આવી હતી.



આ દિવ્યાંગ શિબિરમાં ગુજરાતભરના ૧૦૦ થી વધારે દિવ્યાંગોએ હાજરી આપી હતી. આ શિબિરમાં ખાસ કરીને દિવ્યાંગને મળતા લાભો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ સમાજ સુરક્ષાના અધિકારીઓ દ્વારા પણ વિશેષ સરકારી લાભો વિષેની જાણકારી દિવ્યાંગોને જણાવી અને દિવ્યાંગોને કાંઈ પણ મુશ્કેલી પડતી હોય તો દિવ્યાંગોની સાથે જિલ્લા સમાજ સુરક્ષા જૂનાગઢ હર હંમેશ તત્પર રહેશે એવી ખાતરી આપેલ હતી તેમજ સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાએ વિશેષમાં જણાવ્યું હતું કે દિવ્યાંગોને ગમે ત્યારે વેવિશાળ- લગ્ન માટે અમારી સંસ્થા ખુલી રહેશે. દિવ્યાંગોને મળતા સરકારી લાભો અંગેની જાણકારી અંધ કન્યા છાત્રાલયના મેને. ટ્રસ્ટી મુકેશગીરી મેઘનાથીએ જણાવ્યું હતું કે, આપને સરકાર દ્વારા મળતા દરેક પ્રકારના દિવ્યાંગોને લગતા લાભો વિશે આપણે બધા જાગૃત હોવા જરૂરી છે. તેમજ દિવ્યાંગ મંચના પ્રમુખે અમુક પ્રશ્નો વિશે રજૂઆત કરી પ્રશ્નનો નિરાકરણ લાવવા માટે પ્રમુખ રમેશભાઈ કોરાટ ને રજુ કરવામાં આવ્યા હતા તેમજ લોકસાહિત્યકાર અમુદાનભાઈ ગઢવીએ દિવ્યાંગ શબ્દ ઉપર હાસ્ય પીરસી તમામ દિવ્યાંગોને મંત્રમુગ્ધ કરી દીધા હતા એટલું જ નહીં સાથે સાથે લોકસાહિત્યકાર વિક્રમ દાનભાઈ ગઢવી દ્વારા પણ વિશેષ વકતવ્ય આપી શિબિરમાં આવેલ દિવ્યાંગ લોકોને ખુશ ખુશાલ કરી દીધા હતા. આ તકે ગાયત્રી શક્તિ પીઠ દ્વારા ભોજન તેમજ નિઃશુલ્ક રહેવાની તમામ સુવિધા આપવામાં આવી હતી. આ તકે દિવ્યાંગ મંચના પ્રમુખ રમેશભાઈ કોરાટ, જૂનાગઢ જિલ્લાના દિવ્યાંગ અધિકાર મંચના પ્રમુખડાયાભાઈ રાઠોડ દ્વારા ગાયત્રી શક્તિપીઠના મેને. ટ્રસ્ટી નાગભાઈ વાળાનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિવ્યાંગ મંચ ગુજરાત પ્રદેશના કાર્યકરો તેમજ મનોજભાઈ સાવલિયા, કમલેશભાઈ ટાંક, કેતનભાઈ નાંઢા, સરોજબેન જોશી, દયાબેન માણેક, ગાયત્રી મંદિરના સર્વે કાર્યકરો વગેરે દ્વારા સેવા આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વેરાવળ માર્કન્ટાઈલ બેંકની ૫૩મી સાધારણ સભા મળી

**બેંકએ ૭.૫૧ કરોડનો નફો અને ૧૩ ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરેલ : બેંકએ આર્થીક પ્રવૃત્તિ થકી છેવાડાના વ્યક્તિ સુધી બેંકીંગ સેવાઓ પહોચાડી છે : ચેરમેન**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

સૌરાષ્ટ્રની સહકારી ક્ષેત્રની અગ્રણી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંકની ૫૩મી વાર્ષીક સાધારણ સભા સભાસદોની વિશાળ હાજરી વચ્ચે ચેરમેન નવીનભાઈ શાહના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં વાઈસ ચેરમેન ભાવનાબેન એ. શાહ, બેંકના ડીરેકટરો તથા બોડ'' ઓફ મેનેજમેન્ટ અને શાખા સલાહકાર કમીટીના સભ્યો ઉપસ્થિત રહયા હતા. આ તકે બેંકના ચેરમેન નવીનભાઈ શાહ અને વાઈસ ચેરમેન ભાવનાબેન શાહએ પ્રવચનમાં જણાવેલ કે, બેંકએ આર્થીક પ્રવૃત્તિના સુમેળથી સામાજીક વિકાસની કેડી કંડારી સમાજના છેવાડાના માનવીઓ સુધી આધુનિક બેક્રીંગ સેવાઓ પહોંચાડી ''સહકારથી સમૃધ્ધિ'' ના સુત્રને ચરિતાર્થ કરેલ છે. ગ્રાહકને ઉમદા બેક્રીંગ સેવાઓ પૂરી પાડી બેંકે તમામ ક્ષોત્રે નકકર પ્રગતિ કરેલ છે. વર્ષાંતે બેંક રૂા.૭૪૬.૨૯ કરોડની ડીપોઝીટ,



રૂા.૪૪૫.૧૧ કરોડના ધીરાણ તેમજ રૂા.૧૧૯૧.૪૦ કરોડના કુલ બીઝનેસ સાથે ઈન્કમટેક્ષ તથા જરૂરી તમામ જોગવાઈઓ કર્યા બાદ રૂા.૭.૫૧ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે.

બેંકના રીઝર્વ રૂા.૯૨ કરોડને આંબ્યા છે. તેઓએ બેંકની પ્રગતિ અને બેંકને આ સ્થાને સુધી પહોંચાડવાનો યશ સર્વે સભાસદો, થાપણદારો, ગ્રાહકો, શુભેચ્છકો, બેંકના કર્મચારી ગણ, સર્વે શાખા સલાહકાર કમીટીના સભ્યો અને સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સને આપેલ અને સભાસદો દ્વારા સાધારણ સભામાં રજુ થયેલ દરેક ઠરાવો સર્વાનુમતે મંજુર કરેલ અને બેંક દ્વારા ૧૩ ટકા ડીવીડન્ડ ચૂકવવાની જાહેરાત કરી હતી. ડીરેકટર સુરેશભાઈ કંપાણીએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કરેલ હતો. સમગ્ર સભાનું સુરેખ અને સફળ સંચાલન અને સી.ઈ.ઓ. અતુલ શાહ દ્વારા કરવામાં આવેલ અને વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપ. બેક્ર લી. દ્વારા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન શૈક્ષણિક ક્ષોત્રે ઉત્તમ સેવા પ્રદાન કરવા બદલ મણિબેન કોટક હાઈસ્કુલના પ્રીન્સીપાલ બી. ટી. ઉનડકટ, કે. કે. મોરી ઉચ્ચતર માધ્યમિક શાળાના પ્રીન્સીપાલ ડી. સી. ભટ્ટ, એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કુલના પ્રીન્સીપાલ દિનેશભાઈ રામાણી, શેઠ એમ.પી.ગર્લ્સ હાઈસ્કુલના પ્રીન્સીપાલ ઉમેદભાઈ બારડનું બહુમાન કરવામાં આવેલ તેમજ વેરાવળના વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ધોરણ ૧૦ અને ૧૨ માં ૯૦ ટકા કરતા વધારે માર્કસ મેળવનાર ૫૬ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કર્યુ હતું.

# રાજકોટમાં ડો.શ્યામાપ્રસાદ મુખર્જીને શ્રદ્ધાંજલિ પાઠવતા જીલ્લા ભાજપના હોદેદારો



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૬

દેશની એકતા અને અખંડીતતા માટે પોતાના પ્રાણો ન્યોછાવર કરનાર, પ્રખર રાષ્ટ્રવાદી નેતા, મહાન ચિંતક તેમજ જનસંઘના સંસ્થાપક ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ પાઠવતા રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળીયા, ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા સહીતના જીલ્લા તેમજ મંડળના હોદેદારો અને કાર્યકર્તાઓ જોડાયા હતા અને ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# અદાણી ફાઉન્ડેશન દ્વારા ગૌતમ અદાણીના ૬૨માં જન્મદિવસે દેશવ્યાપી મેગા રક્તદાન અભિયાન યોજાયું

**કુલ ૨૪, ૫૦૦ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું**

અમદાવાદ, તા.૨૬

અદાણી ફાઉન્ડેશ દ્વારા અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીના ૬૨માં જન્મદિવસ નિમિત્તે સમગ્ર ભારતમાં મેગા રક્તદાન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૪ જૂનના રોજ દેશના ૨૧ રાજ્યોના ૧૫૨ શહેરોમાં આ મહાભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.



અદાણી હેલ્થકેર ટીમના માર્ગદર્શન હેઠળ આયોજીત રકતદાન અભિયાનને કર્મચારીઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. જેમાં ૨૪,૫૦૦ યુનિટ (આશરે ૯,૮૦૦ લીટર) જીવન રક્ષક રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ વર્ષે આયોજીત રક્તદાન અભિયાને ગત વર્ષના બ્લડ કલેકશનનો રેકોર્ડ આંક (૨૦,૬૨૧યુનિટ) વટાવ્યો છે. એકત્રિત રકતનો જથ્થો ૭૩,૫૦૦ થી વધુ દર્દીઓને પીસીવી, પ્લેટલેટ કોન્સેન્ટ્રેટ્સ, પ્લાઝમા, એફએફપી, ક્રાયોપ્રિસિપિટેટ, આલ્બ્યુમિન જેવી ગંભીર બિમારીઓમાંથી બહાર લાવવામાં મદદરૂપ થશે.

અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડો.પ્રિતિ અદાણીએ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કરતાં કહ્યું, “હું અદાણી પરિવારના દરેક સભ્યનો આ ઉમદા કાર્યમાં યોગદાન બદલ આભાર માનું છું. દર-વર્ષે તેમનું સમર્પણ માત્ર તેમની કરૂણા જ નહીં, પરંતુ જરૂરિયાતમંદોની સેવા કરવાની અમારી પ્રતિબદ્ધતાને પણ મજબૂત બનાવે છે."

આ મેગા ડ્રાઈવ રેડક્રોસ બ્લડ બેંક અને સરકારી હોસ્પિટલની બ્લડ બેંકો સાથે ભાગીદારીમાં યોજવામાં આવી હતી. ૨,૦૦૦ થી વધુ ડોકટરો, પેરામેડિક્સ, ડેટા ઓપરેટરો તેમજ મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન વિભાગની ટીમોએ આ અભિયાનને ભવ્ય સફળતા અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.૨ ૨૦૧૧થી અદાણી ફાઉન્ડેશન ગૌતમ અદાણીના જન્મદિવસની ઉજવણીમાં દર વર્ષે રક્તદાન અભિયાનનું આયોજન કરે છે. આવી પહેલો થકી ફાઉન્ડેશન મોટા પડકારોનો સામનો કરવા અને સમુદાયોના ટકાઉ અને સર્વગ્રાહી વિકાસ માટે પ્રતિબદ્ધ રહે છે.

# ખંભાળિયાના જરૂરીયાતમંદ લોકો માટે પોલીસ તંત્ર દ્વારા જન સંપર્ક લોનમેળાનું આયોજન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૬

ખંભાળિયામાં સામાન્ય વર્ગના તેમજ જરૂરિયાતમંદ લોકો વ્યાજખોરો પાસેથી ઊંચા દરથી રકમ ઉછીની ન મેળવે અને બેંક દ્વારા આવા લોકોને રાહત દરથી લોન મળી રહે તે હેતુથી ખંભાળિયા પોલીસ તંત્ર દ્વારા ગઈકાલે જન સંપર્ક લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના અને ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ગઈકાલે મંગળવારે અહીંના ટાઉન હોલ (પોરબંદર રોડ) ખાતે પી.આઈ. બી.જે. સરવૈયાના વડપણ હેઠળ લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોન મેળામાં ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારમાંથી આશરે ૨૫૦ જેટલા લાભાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ જનસંપર્ક લોન મેળામાં આ વિસ્તારની જુદી જુદી ૧૦ જેટલી બેંકોના પ્રતિનિધિઓ જોડાયા હતા.

લોન મેળામાં લીડ બેંકના મેનેજર વર્મા તેમજ અન્ય બેંકના પ્રતિનિધિઓ, નગરપાલિકાના હોદ્દેદારો વિગેરેએ ઉપસ્થિત લાભાર્થીઓને લોન પ્રાપ્ત કરવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત પી.આઈ. બી.જે. સરવૈયા દ્વારા આ લોન મેળાનું આયોજન કરવાનો ઉદ્દેશ જરૂરિયાતમંદ લોકોને સરળતાથી લોન મળી રહે જેથી ખાનગી વ્યાજખોરોના વિષચક્રમાંથી તેઓ બચી શકે તે હોવાનું જણાવી, લોકોને ગેરકાયદેસર વ્યાજખોરો અંગે પોલીસને માહિતી આપવાની અપીલ કરી હતી. આ લોન મેળામાં ૧૨૫ જેટલા આસામીઓએ જુદી જુદી બેંકો પાસેથી લોન માટે જરૂરી માહિતી મેળવી અને આ અંગેની પ્રક્રિયા કરી હતી. પોલીસ દ્વારા વ્યાજખોરોના વ્યાજના દૂષણમાંથી લોકોને બચાવવા માટેનો આ અભિગમ લોકોએ આવકાર્યો હતો.

# ખંભાળિયામાં વંદે ભારત ટ્રેનને સ્ટોપ આપવા રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૬

ખંભાળિયા શહેર એ દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મુખ્ય મથક હોય અને અહીં નાના-મોટા અનેક ઔદ્યોગિક એકમો પણ સંકળાયેલા હોવાથી દ્વારકા - અમદાવાદ વચ્ચે દોડતી વંદે ભારત ટ્રેનનો સ્ટોપ અહીં મળે તે માટેની માંગ નગરજનોમાંથી ઉઠવા પામી છે.

કેન્દ્ર સરકાર દ્વારા લોકોને વધુ ઝડપી, આધુનિક અને સુવિધા યુક્ત ટ્રેન મુસાફરી મળે તે હેતુથી રેલવે મંત્રાલયે વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી છે. જે પૈકી એક ટ્રેન દ્વારકાથી અમદાવાદ વચ્ચે પણ દોડે છે. પરંતુ આ ટ્રેનને ખંભાળિયાનો સ્ટોપ આપવામાં આવ્યો નથી. આ મુદ્દે અહીંની નાગરિક સમિતિના સેવાભાવી તબીબ ડો. એચ. એન. પડીયાએ આ ટ્રેનના અત્રે સ્ટોપની માંગ કરતા જણાવ્યું છે કે ખંભાળિયાથી અમદાવાદ જવા માટે મોટી સંખ્યામાં વેપારીઓ, વિદ્યાર્થીઓ તેમજ નાગરિકોનો ટ્રાફિક રહે છે. વેપારીઓ વહેલી સવારે અહીંથી નીકળી અને પોતાનું કામ પૂરું કરી અને રાત્રિના પરત આવી શકે જે બીજી કોઈ ટ્રેનમાં શક્ય નથી. વિદ્યાર્થીઓ પણ સમયસર પોતાના અભ્યાસના સ્થળે આ ટ્રેન મારફતે પહોંચી શકે.

રેલવે તંત્ર પણ આમ જનતાને વંદે ભારત જેવી ફાસ્ટ ટ્રેનની સુવિધા મળે તે માટે કાર્યરત છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક એવા ખંભાળિયા શહેરને પણ આ ટ્રેનનો સ્ટોપ મળે તેવી માંગ સાંસદ પૂનમબેન માડમ સમક્ષ કરી, આ સુવિધા વહેલી તકે લોકોને પ્રાપ્ય થાય તે માટે જરૂરી પ્રયાસો કરવા અપીલ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કેન્સરે વધારી યુવાઓની ચિંતા

હાલમાં જ એક એનજીઓ કેન્સર મુક્ત ફાઉન્ડેશન (સીએમએફ) દ્વારા કરવામાં આવેલ એક અધ્યયનથી ખબર પડી છે કે યુવા પેઢીમાં કેન્સરના કેસોમાં વૃદ્ધિ થઈ રહી છે. તેની હેલ્પલાઈનના માધ્યમથી બીજી સલાહ લેનારા ૨૦ ટકા કેન્સર રોગી ૪૦ વર્ષથી ઓછી ઉંમરના હતા. દેશમાં પાંચમાંથી એક કેન્સરનો કેસ ૪૦ વર્ષથી ઓછી ઉંમરના પુરુષો અને મહિલાઓમાં જોવા મળે છે અને લગભગ ૬૦ ટકા રોગી પુરુષ હોય છે. સીએમએફને હૈદરાબાદથી સૌથી વધુ કોલ આવ્યા હતા, ત્યાર બાદ મેરઠ અને મુંબઈનું સ્થાન રહ્યું છે.

ભારતને હવે દુનિયાની 'કેન્સર રાજધાની' માનવામાં આવે છે. એમ તો કેન્સરના સો કરતાં વધારે પ્રકાર છે, પરંતુ તેમાં મુખ્ય છે - સ્તન કેન્સર, ગર્ભાશયનું કેન્સર, મસ્તિષ્ક કેન્સર, હાડકાંનું કેન્સર, મૂત્રાશયનું કેન્સર, અગ્નાશયનું કેન્સર, પ્રોસ્ટેટ કેન્સર, કિડનીનું કેન્સર, ફેફસાંનું કેન્સર, ત્વચાનું કેન્સર, પેટનું કેન્સર, થાઈરોઈડ કેન્સર, મોં અને ગળાનું કેન્સર. સામાન્ય રીતે શરીરનું વજન વધવા અને શારીરિક ગતિવિધિઓમાં ઘટાડો, દોષપૂર્ણ તથા અસંતુલિત આહાર, વ્યાયામ નહિ કરવા, નશા રૂપે વધુ માત્રામાં દારૂનું સેવન કરવાથી આ રોગનો શિકાર થવાની આશંકા વધી જાય છે. ચ્હા-કોફી જેવા પીણાંના ટેવાયેલા વ્યક્તિને પણ કેન્સર થવાનો ખતરો વધુ રહે છે, કારણ કે તેમાં કેટલાય હાનિકારક તત્ત્વો મળી આવે છે. કેન્સર એક આનુવંશિક રોગ છે. કેટલીય વાર આ રોગ કેન્સર પીડિત માતા-પિતાનાં બાળકોમાં પણ તેમના જીન દ્વારા પહોંચી જાય છે. દવાઓની સાઈડ ઈફેક્ટને કારણે પણ કેન્સરના કેસો બની રહ્યા છે.

જોકે ભારતમાં સ્વાસ્થ્ય સેવાનું બુનિયાદી માળખું કેન્સરના વધતા કેસો સાથે તાલમેલ બેસાડવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. કેન્સર ઉપચાર કેન્દ્રો, વિશેષજ્ઞ ડોક્ટરો અને જરૂરી ચિકિત્સા ઉપકરણોની કમી પ્રભાવી કેન્સર વ્યવસ્થાપનમાં અડચણ બની રહી છે. ભારતમાં વધતા કેન્સર સંકટને પહોંચી વળવા માટે સરકારી અને બિનસરકારી સંગઠનોના સમન્વિત પ્રયાસોની જરૂર છે. કેન્સરથી પીડિત લોકોની ઘટતી ઉંમરનો દેશના સ્વાસ્થ્ય, વ્યક્તિગત અને પારિવારિક બજેટ, અર્થવ્યવસ્થા અને સમાજ પર ગંભીર પ્રભાવ પડે છે. ૪૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો ઉત્પાદક વ્યક્તિ હોય છે અને કામકાજી ઉંમર વર્ગનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો હોય છે. તેમાંથી મોટાભાગના દર્દીઓને પરિવાર હોય છે. કેન્સરથી લડવાની રણનીતિ પર નવેસરથી ધ્યાન આપવું જોઈએ. લોકોને જીવનશૈલીમાં જરૂરી બદલાવ વિશે જાણકારી આપવી જોઈએ. કેન્સરની તપાસ, શરૂઆતમાં ઓળખ અને ઉપચાર માટે યોગ્ય સુવિધાઓ પર ધ્યાન આપવું જોઈએ. કેન્સર પર વધુ અધ્યયન અને શોધ પણ થવી જોઈએ, જે બીમારી સામે લડવામાં ઉપયોગી નીવડશે.

### રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય લીધો

# ગુજરાત સ્ટેટ લીટીગેશન પોલીસીમાં નવી જોગવાઈઓ ઉમેરાઈ

## પોલીસીઓમાં કેટલાક સુધારાઓ કરવા જરુરી હતા. જેને આધારે કેટલીક જોગવાઈઓને તેમાં ઉમેરવા માટેનો બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર,તા.૨૬

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય લઈને ગુજરાત સ્ટેટ લીટીગેશન પોલીસીમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં સ્ટેટ લીટીગેશન પોલીસી વર્ષ ૨૦૧૧થી અમલમાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કેટલીક જોગવાઈઓને ઉમેરવામાં આવી છે.

સરકાર દ્વારા જેમાં વખતો વખત સમિક્ષા કરવામાં આવી છે. તેમજ હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ સંદર્ભે વર્તમાન પોલીસીઓમાં કેટલાક સુધારાઓ કરવા જરુરી હતા. જેને આધારે કેટલીક જોગવાઈઓને તેમાં ઉમેરવા માટેનો બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેષ પટેલે આ અંગેની માહિતી મીડિયાને આપતા જણાવ્યું કે, એકાઉન્ટીબીલીટી એટલે કે અધિકારીની જવાબદારી નક્કી કરવા માટે જોગવાઈ ઉમેરવામાં આવી છે. જે કેસ ગુણદોષનાં આધારે મજબૂત હોય તેમ છતાં, તેમાં માહિતીનો અભાવ કે બેદરકારી દાખવવામાં આવી હોય તેવા કિસ્સામાં જવાબદાર સામે કાર્યવાહી કરવા માટેની જોગવાઈ સૂચવવામા આવી છે.

એટલે કે અધિકારીની બેદરકારી હોય કે પૂરતી માહિતી ન આપવાનાં કારણે જે પરિણામ આવે છે, તેવા સંજોગોમાં અધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવશે. તેમજ જે જવાબદાર છે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ તેમ સૂચન કરાયું છે.


અપીલમાં વિલંબ અટકાવવાની જોગવાઈ અંતર્ગત પણ કેટલાક સૂચન રજૂ કરવામાં આવ્યા છે. જે મુજબ જ્યારે કોઈ ચૂકાદો રાજ્યની કોઈ પ્રવર્તમાન નીતિને અસરકરતાં હોય, ત્યારે કાયદા વિભાગના અભિપ્રાયથી દરખાસ્ત કરનાર વિભાગ સહમત ન હોય આી સ્થિતિમાં શું થઈ શકે એ માટે પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આવા સમયે શું કાર્યવાહી કરવી તેની જોગવાઈને ઉમેરવામાં આવી છે.

આવા કિસ્સાને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા એક સમિતિનું ગઠન કરવામાં આવ્યો છે. જે સમિતિ જે નિર્ણય કરશે તેને આખરી ગણાશે. આ સમિતિમાં રાજ્ય સરકારના મુખ્ય સચિવ અધ્યક્ષ પદ પર રહેશે. ઉપરાંત સમિતિમાં સભ્ય તરીકે રાજ્યના નાણાં વિભાગના સચિવ, સામાન્ય વહીવટી વિભાગના સચિવ, કાયદા વિભાગના સચિવ અને જે વિભાગે દરખાસ્ત કરી હોય તે વિભાગના સચિવ પણ સભ્ય તરીકે સામેલ રહેશે.

એ પણ પ્રવક્તા પ્રધાને જણાવ્યું હતુ કે, સ્ટેટ લીટીગેશન પોલીસીમાં સુધારા કરવાથી સરકાર પક્ષનાં જે કેસો સારા છે, તેને ત્વરિત મોનિટરીંગ કરી શકાશે. આમ થવાને લઈ કેસના વિલંબનાં કારણે થતું નુકસાન અટકાવી શકાશે. સ્ટેટ લીટીગેશનના સુધારા થકી વિલંબ કરનાર જવાબદાર સામે હવે અસરકારક પગલાં પણ ભરી શકાશે. આમ હવે સરકારનો સમય, નાણાં તેમજ શક્તિનો પણ બચાવ થવા પામશે.

### વૈષ્ણોદેવીના ભક્તો માટે સારા સમાચાર

# જમ્મુ એરપોર્ટથી માતા વૈષ્ણો દેવી ધામ સુધી સીધી હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી



## ભક્તો હેલિકોપ્ટર દ્વારા જમ્મુથી સીધા ત્રિકુટા પર્વત સ્થિત માતાના ધામ સુધી પહોંચી શકશે, જેમાં માત્ર ૧૦ મિનિટનો સમય લાગશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ,તા.૨૬

ઉનાળાની રજાઓ પૂરી થવા જઈ રહી છે પરંતુ શ્રદ્ધાળુઓ હજુ પણ તેમના પરિવાર સાથે મોટી સંખ્યામાં કટરા પહોંચી શકશે. વહીવટીતંત્ર દ્વારા શ્રદ્ધાળુઓ માટેની સુવિધાઓમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. આ શ્રેણીમાં, સારા સમાચાર એ છે કે હવે ભક્તો હેલિકોપ્ટર દ્વારા જમ્મુથી સીધા ત્રિકુટા પર્વત સ્થિત માતાના ધામ સુધી પહોંચી શકશે, જેમાં માત્ર ૧૦ મિનિટનો સમય લાગશે.

વાસ્તવમાં, જમ્મુ એરપોર્ટથી માતા વૈષ્ણો દેવી ધામ સુધી સીધી હેલિકોપ્ટર સેવા શરૂ કરવામાં આવી છે, જેની પ્રથમ ઉડાન મંગળવારે થઈ હતી. જમ્મુ એરપોર્ટથી બે હેલિકોપ્ટર માતા વૈષ્ણોદેવી ધામના પંછી હેલિપેડ પર ઉતર્યા હતા. આ બે હેલિકોપ્ટરમાં ૯ ભક્તો દર્શન માટે વૈષ્ણોદેવી ધામ પહોંચ્યા હતા.

આજથી શરૂ થયેલી આ સેવાને કારણે શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના સીઈઓ અંશુલ ગર્ગ અને અન્ય અધિકારીઓએ ભક્તોનું સ્વાગત કર્યું હતું. માતાની ચૂંદડી તેમને ભેટ તરીકે આપવામાં આવી હતી. આ સુવિધાને લઈને ભક્તોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સીઈઓ અંશુલ ગર્ગે કહ્યું કે સાંઝી છટ કરતાં ઓછી ઊંચાઈ પર સ્થિત પંછી હેલિપેડ ખરાબ હવામાનથી ઓછી અસર કરશે.આવનારા હવામાન અને વરસાદના દિવસો અંગે તેમણે કહ્યું કે આગામી બે મહિના અમારા માટે તેમજ હેલિકોપ્ટર સર્વિસ ઓપરેટરો માટે શીખવાની તક હશે, જે અમને સેવાને વધુ સારી રીતે સમજવામાં અને તેને વધુ સુધારવામાં મદદ કરશે.

તમને જણાવી દઈએ કે આ તે તીર્થયાત્રીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે જે એક દિવસમાં માતાના દર્શન કરીને પાછા ફરવા માંગે છે. એવું માનવામાં આવે છે કે આ હેલિકોપ્ટર સેવા મુસાફરોના ઘણા પૈસા બચાવશે. હવે સૌથી મહત્વની બાબત એ છે કે આ હેલિકોપ્ટર સુવિધાનો લાભ કેવી રીતે મેળવવો. મળતી માહિતી મુજબ, શ્રદ્ધાળુઓ વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડની વેબસાઈટ **https://maavaishnodevi.org** પર જઈને હેલિકોપ્ટર બુક કરાવી શકે છે.

શ્રાઈન બોર્ડ તરફથી કહેવામાં આવ્યું છે કે હાલમાં આ સેવા માટે બે પેકેજ આપવામાં આવ્યા છે. પહેલા પેકેજની વાત કરીએ તો પહેલું પેકેજ ૩૫ હજાર રૂપિયા પ્રતિ વ્યક્તિનું છે, જેમાં તે જ દિવસે રિફંડ આપવામાં આવશે. તેને સેમ ડે રિઝર્વ એટલે કે **SDR** પેકેજ નામ આપવામાં આવ્યું છે. બીજું પેકેજ ૬૦ હજાર રૂપિયા પ્રતિ વ્યક્તિનું છે, જેમાં રિટર્ન બીજા દિવસે મળશે.

# ભુજ એસટી ડેપોમાં ડ્રાઈવરની અશ્લીલ હરકત

ભુજ,તા.૨૬

ભુજ એસટી ડેપોમાં ડ્રાઈવરની અશ્લીલ હરકતનો વિડીયો વાઈરલ થતા ચકચાર મચી ગઈ છે. તેણે જાહેરમાં બિભત્સ ચેનચાળા કર્યા છે. ડ્રાઈવર બી.એન. જાડેજાએ અશ્લીલ હરકત કરી છે. તેના પગલે એસ.ટી. નિયામકે તપાસના આદેશ આપ્યા છે.

ભુજ એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા ડ્રાઈવર જાડેજા સ્ટાફમાં જ ફરજ બજાવતી યુવતીને ચુંબન કરતો હતો અને અશ્લીલ હરકતો કરતો હતો તેનો વિડીયો કોઈ પ્રવાસીએ ઉતારી લીધો હતો અને વાઈરલ કરી દીધો હતો.

આ વિડીયો વાઈરલ થવાની સાથે જ કચ્છના એસ.ટી. વિભાગીય નિયામક વાય કે પટેલે ડ્રાઈવર સામે ખાતાકીય પગલાં લેવા સહિત સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

આ અંગે ભુજના એસ.ટી.ડેપો મેનેજરે જણાવ્યું હતું કે ડ્રાઈવર જાડેજા જુદાં-જુદાં રૂટો પર બસ ચલાવે છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વિડીયોને લઈને ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એસટી ડ્રાઈવર નવા બનેલા બસ પોર્ટમાં આ રીતે જાહેરમાં ચેનચાળા કરે તે અત્યંત શરમજનક બાબત છે.

# જન્મ દિવસની વિંજલપર હોસ્ટેલમાં વૃક્ષોનું વાવેતર દ્વારા ઉજવણી કરાઈ



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૬

ખંભાળિયા તાલુકાના વિંજલપર ગામે એક બાળકના જન્મ દિવસની ઉજવણી કે.જી.બી.વી. પરિસરમાં ૫૦ જેટલા વૃક્ષોના વાવેતર મારફતે કરવામાં આવી હતી. આ પ્રેરણા રૂપ પ્રવૃત્તિમાં ખંભાળિયા તાલુકાના વિંજલપર ગામના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) ના સંચાલક કમ હેડ શિક્ષક શ્રીમતી મંજુબેન તથા ભાણખોખરી તાલુકા શાળાના સી.આર.સી. કો-ઓર્ડીનેટર લખમણભાઈના પુત્ર શિવમના જન્મદિવસ નિમિત્તે કે.જી.બી.વી. હોસ્ટેલના નિશાળ પટાંગણમાં આજરોજ વિવિધ પ્રકારના ૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરી અને આ અનોખી ઉજવણી કરવામાં આવી હતી. બાળકની ઉજવણીમાં બિનજરૂરી ખર્ચ કરવાના બદલે વૃક્ષોનું વાવેતર કરી, "વૃક્ષ એ જ જીવન"નો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રવૃત્તિ બદલ આ પ્રવૃત્તિને બિરદાવી, શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

### રાજકોટ બંધ અંગે ભાજપનું મૌન, સન્માનમાં વ્યસ્ત

# TRP ગેમઝોન અગ્નિકાંડના પીડિતો એક મહિના બાદ પણ ન્યાય માટે રસ્તા પર

## અગ્નિકાંડની પ્રથમ માસિક પૂણ્યતિથિએ ભાજપના નેતાઓ સન્માનમાં વ્યસ્ત છે પરંતુ હતભાગી પરિવારોને દિલસોજી પાઠવવાનો તેમને સમય નથી

રાજકોટ,તા.૨૬

આજે ટીઆરપી ગેમ ઝોનન અગ્નિકાંડને એક મહિનો પુરો થયો છે.આજના દિવસે કોંગ્રેસ દ્વારા અડધા દિવસના બંધનું એલાન આપ્યું હતું.આ ઘટના અંગે લોકોનો રોષ જોવા મળ્યો.રાજકોટની મોટાભાગની મુખ્ય માર્કેટો બંધ રહી અને લોકો સ્વયંભુ આ બંધમાં જોડાયા હતા.કોંગ્રેસના બંધમાં કેટલાક પિડીત પરિવારો પણ જોડાયા હતા અને ન્યાયની માંગ કરી રહ્યા હતા બીજી તરફ ભાજપના નેતાઓ સન્માન કરવામાં મશગુલ જોવા મળ્યા હતા.રાજકોટ શહેર ભાજપના પ્રમુખ સહિતના નેતાઓ કટોકટીના દિવસે મિસાવાસ ભોગવેલા ભાજપના વરિષ્ઠ આગેવાનોના સન્માનમાં વ્યસ્ત જોવા મળ્યા હતા.

ગેમ ઝોન અગ્નિકાંડને લઈને કોંગ્રેસના આહ્વાનને રાજકોટમાં પ્રચંડ સમર્થન મળ્યું હતું.કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા બંધના એલાન અંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીનો સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ તેઓએ કેમેરા સામે કંઈપણ બોલવાનો ઈક્રાર કર્યો હતો. એક તરફ પરિવાર સહિત રાજકોટવાસીઓ શોકમગ્ન થઈને પ્રથમ પુણ્યતિથીએ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી રહ્યા હતા ત્યારે ભાજપ તેઓની પરંપરાને છોડી શકી નહિ. રાજકોટ ભાજપના અલગ અલગ આગેવાનો દ્વારા ૨૫ જૂન ૧૯૭૫ એટલે કે કટોકટીના દિવસે મિસામાં જેલમાં ગયેલા વરિષ્ઠ આગેવાનોના સન્માનમાં વ્યસ્ત હતા. આ દિવસે મૃત આત્માઓને શ્રધ્ધાંજલિ આપવામાંથી પણ ભાજપના નેતાઓ ચૂક્યા હોય તેવું શહેરમાં ચર્ચાઈ રહ્યું છે.કોંગ્રેસે આપેલા બંધના એલાનમાં જે પરિવારે પોતાની બહેન-દીકરી ગુમાવી છે તે પરિવાર રસ્તા પર ઉતર્યો હતો. સરકાર પર ગંભીર આક્ષેપ કરતા કહ્યું હતું કે ગુજરાત સરકાર અમને ન્યાય અપાવી શકતી નથી પરંતુ આ ઘટના બાદ લાજવાને બદલે ગાજી રહી છે અમને સમર્થન મળે તે માટે અમે ગાંધીચિંધ્યા માર્ગે લોકોને વિનંતિ કરી રહ્યા છીએ તો પણ પોલીસ અમારી આગળ પાછળ ફરે છે. મારો ભાઈ શાંતિપૂર્વક રીતે બંધને સમર્થન આપી રહ્યો હતો તો પોલીસે તેની અટકાયત કરી છે. અત્યાર સુધી અમે હાથ જોડીને ન્યાય માંગતા હતા હવે અમે ન્યાય હાથ ઉપાડીને પણ માંગી શકીએ છીએ.

# અમદાવાદ LG હોસ્પિટલમાં મહિલા સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય થયું

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ LG હોસ્પિટલમાં મહિલા સાથે દુષ્કર્મ થતાં ખળભળાટ મચી ગયો છે. સરકારી હોસ્પિટલમાં ખરાબ કૃત્ય કરાતાં પોલીસે આ મામલે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેરમાં આવેલી એલ જી હોસ્પિટલમાં કામ કરતી મહિલાએ સુપરવાઈઝરે તેની સાથે દુષ્કર્મ આચર્યુ હોવાનું કહી પોલીસમાં ફરિયાદ કરી છે. સુપરવાઈઝરે મહિલાને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કર્યુ હતું. સરકારી હોસ્પિટલમાં જ દુષ્કર્મ કરાતાં ખળભળાટ મચવા પામ્યો છે. શહેર પોલીસે આ મામલે ગુનો નોંધી સખ્ત કાર્યવાહી શરૂ કરી છે.

# ગંગોત્રી નેશનલ હાઈવે પર એક બાઈક અકસ્માત : બે લોકોના મોત નિપજ્યા

ઉત્તરાખંડ,તા.૨૬

ગંગોત્રી નેશનલ હાઈવે પર એક બાઈક અકસ્માત બે લોકોના મોત નિપજ્યા છે, જેમાં એક મધ્ય પ્રદેશનો રહેવાસી છે, તો બીજો ગુજરાતના સુરત શહેરનોગંગોત્રી નેશનલ હાઈવે પર એક બાઈક અકસ્માતમાં સુરતના યુવકનું મોત નિપજ્યું છે. હાઈવે પર એક બાઈકનો અકસ્માત થઈને તે સીધી ભાગીરથીના કિનારે જઈને પટકાઈ હતી. જેના પર બે યુવકો સવાર હતા,.

એક મધ્ય પ્રદેશનો અને બીજો સુરતનો. એડીઆરએફ દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડીને મૃતદેહોને ખીણમાંથી બહાર કઢાયા હતા. આશિષ મિશ્રા, ઉંમર ૪૭ વર્ષપ્રાપ્ત માહિતી અનુસાર, ગંગોત્રી નેશનલ હાઈવે પર ૨૪ જુનના રોજ બપોરે એક બાઈક દુર્ઘટનાગ્રસ્ત થઈને ભાગીરથી નદીના કિનારે જઈને પટકાઈ હતી. બાઈક નંબર GJ૧૮FC-૧૧૯૪ હતો, જેથી તે ગુજરાતની હોવાનું જણાયું હતું.

આ અકસ્માતની જાણ થતા સ્થાનિક પોલીસ અને એસડીઆરએફની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. મોટરસાઈકલ પર બે લોકો સવાર હતા. બંનેના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. પોલીસ, **SDRF** અને સ્થાનિક લોકોની ટીમે મૃતદેહોને ઉંડી ખીણમાંથી બહાર કઢાયા હતા. **SDRF** ની ટીમ દ્વારા દોરડાના માધ્યમથી લગભગ ૨૦૦ મીટર નીચે ઉંડી ખીણમાં પડેલા બંને લોકોના મૃતદેહોને બહાર કાઢવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. બંનેના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. બે મૃતકોમાં એક વ્યક્તિ ગુજરાતના સુરતનો હતો. બીજો વ્યક્તિ મધ્યપ્રદેશનો રહેવાસી હતી. આ બંને બાઈક પર સવાર થઈને ગંગોત્રી ધામ જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો. ટુ-વ્હીલર રોડ પરથી ૧૫૦ મીટર નીચે પડી ગયું હતુ અને ભાગીરથી નદીના કિનારે પડ્યું હતું. એમ્બ્યુલન્સ દ્વારા મૃતદેહને ઉત્તરકાશી જિલ્લા હોસ્પિટલ લવાયા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મિત્ર મેળવવાનો એક જ રસ્તો છે...પોતે જાતે કોઈના મિત્ર બની જાઓ...

- એમર્સન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૫ પંચક તા.૨૬ જૂન ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૯, ધનિષ્ઠા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ઉલ્લાસપૂર્ણ દિવસ વિતે. વિરોધીઓથી સાવધ રહેવું.
વૃષભ:મન પ્રફુલિત રહે. શુભ સમાચાર મળે.
મિથુન:દિવસ અણધાર્યો લાભ આપનારો નીવડે. મનની મુરાદ પૂરી થાય.
કર્ક: મનમાં પ્રફુલિતતા રહે. નવિન કાર્યમાં સફળતા રહે.
સિંહ: નિરાશાભર્યો દિવસ વ્યતિત થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કન્યા: નિરાશા દૂર થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો સફળ બને.
તુલા: અગત્યના કાર્યમાં અવરોધ આવે.
વૃશ્ચિક:વાણીસંયમજાળવવો હિતાવહ. આકસ્મિક પ્રવાસ થાય.
ધન: આર્થિક સમસ્યા હળવી બને.
મકર: જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. માનસિક અશાંતિ અનુભવાય.
કુંભ: મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ વધે. મૂડિરોકાણ ન કરવું હિતાવહ.
મીન: હિતશત્રુઓથી સાવધ રહેવું. નાણાંભીડ અનુભવાય. પ્રયત્નો એડે જતા હોય એવું લાગે.

# અદાણી જૂથને SEZ માટે ગૌચરની જમીન આપવાના વિવાદમાં હાઈકોર્ટે સરકારની કાઢી ઝાટકણી




અમદાવાદ, તા.૨૬

કચ્છના મુંદ્રા તાલુકાના નવી નાળ ગામની ગૌચરની કિંમતી જમીન ગુજરાત સરકાર દ્વારા અદાણી જૂથને એસઈઝેડ (સેઝ) માટે આપવાના વિવાદમાં હવે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ અરજીની થયેલી સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે ટકોર કરી હતી કે આ ગૌચરની જમીન સરકારે પરત આપી દેવી જોઈએ. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે કલેક્ટર દ્વારા જો જામીન ફાળવણીમાં ભૂલ થઈ હોય તે સુધારી લેવી જોઈએ. ગામની ગૌચરની જમીન કેવી રીતે અન્ય હેતુ માટે આપી શકાય નહીં. ગૌચરની જમીન આપો તો પણ સામે વૈકલ્પિક ગૌચરની જમીન ઉપલબ્ધ કરાવવી જોઈએ. ગામથી છથી સાત કિલોમીટર દૂર જામીન ફાળવવાનો રાજ્ય સરકારની વાત યોગ્ય નથી. ત્યાંનું વાતાવરણ જુઓ અને તો કલ્પના કરો કે ગામ લોકોને આટલું દૂર ચાલીને જવું પડે તો કેવી તકલીફ પડે. આથી સરકારે જો આ બાબતે નીતિ ઘડી હોય તો તે હાઈકોર્ટ રદ બાતલ કરી શકે છે. સંપાદન કરાયેલી જમીન પરત આપી દેવી જોઈએ. ગામથી દૂર વૈકલ્પિક જમીન આપવાની સરકારની દરખાસ્ત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જમીન લેતા પહેલા જ આ બાબતે વિચારી લેવું જોઈએ અને તમે તમારા કૃત્યને વ્યાજબી ઠેરવી શકો નહીં. અમે આ ઓફર નકારી કાઢીશું અને અથવા તો તમારે તે પરત ખેંચી લેવી જોઈએ. હાઈકોર્ટે સરકાર અને કચ્છ કલેક્ટરના વિવાદીત નિર્ણયને લઈ ગંભીર નારાજગી વ્યકત કરી નવી નાળ ગામની ૧૦૭ હેકટર ગૌચરની જગ્યા પુર્નઃ યથાવત્ સ્થિતિમાં લાવી દેવા એડિશનલ એડવોકેટ જનરલને સૂચન અને ટકોર કરી હતી. એટલું જ નહીં, હાઈકોર્ટે સરકાર દ્વારા રજૂ કરાયેલા સોગંદનામાંને પણ સ્વીકારવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો અને જણાવ્યું હતું કે, અમારે તમારૂં ખાતરી નહીં પરંતુ પગલાં જોઈએ છે. કચ્છ જિલ્લા કલેકટરે ગામમાં ગૌચરની જમીન માટે અન્ય જમીન નહીં હોવાથી ફાળવી શકાય તેમ નહીં હોવાનો સોંગદનામાંમાં જે બચાવ રજૂ કર્યો હતો, તેને હાઈકોર્ટે ફગાવ્યો હતો અને જણાવ્યું હતું કે, તમે આવું કહી ના શકો કે, તમારી પાસે ગૌચરની જમીન ફાળવવા માટે અન્ય જમીન નથી, જયારે પણ તમે ગૌચરની જમીન કોઈને અન્ય હેતુ માટે આપો છો ત્યારે તમારે સૌ પ્રથમ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે, ગૌચર માટે વૈક્લ્પિક જમીન ઉપલબ્ધ છે કે નહીં. આ અંગેની વ્યવસ્થા કર્યા બાદ જ તમારે કોઈ નિર્ણય કરવો જોઈએ. દરમ્યાન રાજય સરકાર તરફથી આ સમગ્ર મામલે બે સપ્તાહનો સમય માંગવામાં આવતાં હાઈકોર્ટે બે સપ્તાહની મુદત આપી હતી અને રાજય સરકારના મહેસૂલ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી અને કચ્છ કલેક્ટરને અલગ-અલગ સોંગદનામાં રજૂ કરવા નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરી હતી. ઉલ્લેખનીય છે કે સ્થાનિક રહીશ દ્વારા આ બાબતે વર્ષ ૨૦૧૧માં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી.

# ભારતીયો માટે કેનેડાની સ્ટડી પરમિટમાં મોટો ઘટાડો થયો

ઓટ્ટાવા, તા.૨૬

ભારતીય સ્ટુડન્ટ્સ હવે કેનેડા જવું કે નહીં તેને લઈને અવઢવમાં છે. જુદા જુદા કારણોથી ભારતીયોની કેનેડાની સ્ટડી પરમિટમાં માર્ચ મહિનામાં મોટો ઘટાડો થયો હતો. ડેટાનું એનાલિસિસ દર્શાવે છે કે માર્ચ ૨૦૨૪માં માત્ર ૪૨૧૦ ભારતીયોને કેનેડાની સ્ટડી પરમિટ મળી હતી. મહત્ત્વની વાત એ છે કે ફેબ્રુઆરી ૨૦૨૪માં ૨૬,૦૦૦થી વધારે ભારતીય વિદ્યાર્થીઓએ કેનેડાની સ્ટડી પરમિટ મેળવી હતી. હવે બધાની નજર સપ્ટેમ્બરના ઈનટેક ઉપર છે અને તેના ઉપરથી ખ્યાલ આવશે કે સ્ટડી પરમિટની શું સ્થિતિ છે. એક કેનેડિયન એજ્યુટેક કંપનીએ IRCCના ડેટાનું વિશ્લેષણ કર્યું છે જેમાં આ રસપ્રદ તારણ બહાર આવ્યું છે. તે પ્રમાણે માર્ચ ૨૦૨૪માં સૌથી ઓછા ભારતીય વિદ્યાર્થીઓને સ્ટડી પરમિટ મળી હતી. માર્ચ ૨૦૨૨માં ૨૪,૬૦૦ સ્ટુડન્ટ પરમિટ, માર્ચ ૨૦૨૩માં ૨૮,૦૦૦ પરમિટ મળી હતી જ્યારે માર્ચ ૨૦૨૪માં તે ઘટીને ૨૪૧૦ થઈ ગઈ હતી તે આશ્ચર્યની વાત છે. છેલ્લા બે માર્ચમાં સ્ટડી પરમિટની જે સંખ્યા હતી તેની તુલનામાં આ આંકડો છઠ્ઠા ભાગમાં આવી ગયો હતો. કેનેડા સ્થિત કન્સલ્ટન્ટ્સ અને સ્ટુડન્ટ કોમ્યુનિટીનું કહેવું છે કે કેનેડામાં ભારતથી જે કુલ સ્ટુડન્ટ આવે છે તેમાંથી ૧૫થી ૨૦ ટકા ગુજરાતી હોય છે. એટલે કે દર વર્ષે લગભગ ૨૦ હજાર ગુજરાતી સ્ટુડન્ટ કેનેડા પહોંચતા હોય છે. માર્ચ મહિનામાં સ્ટુડન્ટ વિઝામાં થયેલો ઘટાડો દર્શાવે છે કે કેનેડાએ ફોરેન સ્ટુડન્ટની સંખ્યા ઉપર જે કાપ મૂક્યો તેની અસર થઈ છે. કેનેડા હવે માત્ર ૩.૬૦ લાખ સ્ટુડન્ટને દર વર્ષે આવવા દેશે જેના કારણે હવે તે આકર્ષક દેશ નથી રહ્યો. આ ઉપરાંત વિઝા માટે પ્રોવિન્શિયલ એટેસ્ટેશન લેટર્સ પણ ફરજિયાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કેનેડામાં જે સેક્ટરમાં માણસોની જરૂર હોય તેવા સેક્ટરમાં જ સ્ટડી પરમિટ આપવાની વિચારણા છે જેથી સ્કીલ્ડ લોકો મળી શકે. કેનેડા સ્થિત એક ઈમિગ્રેશન લોયર ઉપિન્દર સિંહે જણાવ્યું કે કેનેડાએ હવે ઓસ્ટ્રેલિયન મોડેલ અપનાવી લીધું છે જ્યાં માત્ર સ્કીલ્ડ પ્રોફેશનલો અને વર્કર્સને જ આવવાની છૂટ અપાશે. સાયન્સ, ટેકનોલોજી, મેથમેટિક્સ, મેડિસિન અને નર્સીંગ જેવા સેક્ટરમાં ડિમાન્ડ વધારે છે તેમાં ચાન્સ લાગી શકે. આ ઉપરાંત સુથારીકામ, લુહારીકામ, પ્લમ્બિંગ, કડિયાકામ વગેરેમાં માણસોની જરૂર છે. જેમણે પહેલેથી સપ્ટેમ્બરમાં એડમિશન લઈ લીધું છે તેમને વાંધો નહીં આવે, પરંતુ આગામી વર્ષે જેઓ કેનેડા આવવાનું વિચારે છે તેમણે આ વાત ધ્યાનમાં રાખવી પડશે. કેટલાક ગુજરાતી સ્ટુડન્ટ પહેલેથી મુંઝવણભરી સ્થિતિમાં મૂકાઈ ગયા છે અને તેમનું કેનેડિયન ડ્રીમ તૂટી ન જાય તે માટેના રસ્તા શોધી રહ્યા છે. આદર્શ ઠાકર નામના એક ૨૪ વર્ષીય સ્ટુડન્ટે ૨૦૨૦માં કેનેડામાં ઈન્ટરનેશનલ બિઝનેસ અને ફાઈનાન્શિયલ પ્લાનિંગનો અભ્યાસ શરૂ કર્યો હતો. આદર્શ કહે છે કે છેલ્લા પાંચ વર્ષમાં અહીં સ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. ચાર વ્યક્તિ વચ્ચે ટુ બીએચકેનો ફ્લેટ ભાડે રાખવામાં આવે તો અગાઉ ૧૬૦૦ કેનેડિયન ડોલર ભાડું થતું હતું જે આ વર્ષે વધીને ૩૪૦૦ ડોલરે પહોંચી ગયું છે. આ ઉપરાંત જીઆઈસી સર્ટિફિકેટની રકમ પણ ૧૦ હજાર ડોલરથી વધારીને ૨૦ હજાર ડોલર કરવામાં આવી છે. હું થોડા સમયમાં ગુજરાત આવીને ફ્રેન્ચ લેંગ્લેજનો કોર્સ કરીશ. તેનાથી કદાચ મારી વર્ક પરમિટ મેળવવાની અને પીઆર મેળવવાની શક્યતા વધી જશે. અમદાવાદ સ્થિત એક ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સમીર યાદવે કહ્યું કે આ વર્ષે અમદાવાદ અને ગુજરાતમાંથી કેનેડાના સ્ટુડન્ટ વિઝાની અરજીઓ ૮૦ ટકા ઘટી ગઈ છે. કેનેડામાં સારી જોબ મળવાની શક્યતા ઘટતી જાય છે અને તે એક મુખ્ય કારણ છે.

# કોઝિકોડને સત્તાવાર રીતે ભારતનું પ્રથમ યુનેસ્કો ‘સિટી ઓફ લિટરેચર’ જાહેર કરવામાં આવ્યું

કોઝિકોડ,તા.૨૬

ઉત્તર કેરળનું કોઝિકોડ, જે તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે જાણીતું છે, તેને રવિવારે સત્તાવાર રીતે ભારતના પ્રથમ યુનેસ્કો ‘સિટી ઓફ લિટરેચર’ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ઓક્ટોબર ૨૦૨૩માં, કોઝિકોડે યુનેસ્કો ક્રિએટિવ સિટીઝ નેટવર્ક (UCCN)ની ‘સાહિત્ય’ શ્રેણીમાં સ્થાન મેળવ્યું હતું. રાજયના સ્થાનિક સ્વરાજય વિભાગ (LSGD) મંત્રી, એમબી રાજેશે રવિવારે એક સત્તાવાર કાર્યક્રમમાં કોઝિકોડની સિદ્ધિની જાહેરાત કરી હતી જેણે UCCNની ‘સાહિત્ય’ શ્રેણીમાં સ્થાન મેળવ્યું હતું. રાજેશે કોઝિકોડને એક આત્મા ધરાવતું શહેર ગણાવ્યું, જેમાં માનવતા, સંવાદિતા, ન્યાયની ભાવના અને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. તેમણે કહ્યું કે, આ મૂળ મૂલ્યોએ કોઝિકોડની જીવંત કલાને જન્મ આપ્યો છે. મંત્રીએ કહ્યું કે કોલકાતા જેવા સમૃદ્ધ સાંસ્કૃતિક ઈતિહાસ ધરાવતા શહેરોથી આગળ વધીને યુનેસ્કો તરફથી ‘સિટી ઓફ લિટરેચર’ ટેગ મેળવવામાં કોઝિકોડ સિટી કોર્પોરેશનની કાર્યક્ષમ કામગીરીએ મુખ્ય ભૂમિકા ભજવી છે. રાજ્ય સરકારે એ પણ જાહેરાત કરી હતી કે આવતા વર્ષથી, ૨૩ જૂનને કોઝિકોડના ‘સિટી ઓફ લિટરેચર’ ડે તરીકે ઉજવવામાં આવશે. આ સ્વર્ગસ્થ એસ કે પોટ્ટક્કડ અને વૈકોમ મુહમ્મદ બશીર જેવા સાહિત્યિક મહાનુભાવો માટે પ્રખ્યાત છે. આ દિવસે છ કેટેગરીમાં વિશેષ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવશે. કાર્યક્રમના ભાગરૂપે, પ્રવાસન મંત્રી પી એ મોહમ્મદ રિયાસે યુનેસ્કો દ્વારા ‘સિટી ઓફ લિટરેચર’ના લોગોનું અનાવરણ કર્યું હતું. રાજેશે જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર એમટી વાસુદેવન નાયરના ઘરની મુલાકાત લીધી અને કોઝિકોડ સિટી કોર્પોરેશન દ્વારા સ્થાપિત ડાયમંડ જ્યુબિલી એવોર્ડ એનાયત કર્યો હતો. એક સમયે ઝામોરિન્સ શહેર તરીકે જાણીતું, કોઝિકોડ, જેને બ્રિટિશ શાસન દરમ્યાન કાલિકટ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સદીઓ પહેલા ઘણા વિદેશીઓ, જેમ કે પર્સિયન, આરબ, ચાઈનીઝ અને યુરોપિયનો માટે દરિયાકિનારે પ્રવેશદ્વાર હતું. કેરળમાં સ્વાતંત્ર્ય ચળવળ માટે પણ જાણીતું કોઝિકોડ શહેર ઘણા દાયકાઓથી પુસ્તક ઉત્સવો માટે એક મહત્વપૂર્ણ સ્થળ રહ્યું છે. કોઝિકોડ એક એવું શહેર છે જ્યાં ૫૦૦થી વધુ પુસ્તકાલયો કાર્યરત છે, અને ઘણા દાયકાઓથી સુપ્રસિદ્ધ મલયાલમ લેખક એમ ટી વાસુદેવન નાયરની સાહિત્યિક પ્રવૃત્તિઓનો આધાર છે. ભારતમાંથી ગ્વાલિયર અને કોઝિકોડ એ ૫૫ નવા શહેરોમાં સામેલ છે જે UCCNમાં જોડાયા છે. નવી યાદી તેની વેબસાઈટ પર ૩૧ ઓક્ટોબરે વર્લ્ડ સિટીઝ ડે ઉપર પ્રકાશિત કરવામાં આવી હતી. આ નવા શહેરોને તેમની વિકાસ વ્યૂહરચનાઓના ભાગરૂપે સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનો ઉપયોગ કરવા અને માનવ-કેન્દ્રિત શહેરી આયોજનમાં નવીન પ્રણાલીઓ પ્રદર્શિત કરવા માટે તેમની પ્રતિબદ્ધતા માટે સામેલ કરવામાં આવ્યા હતા. મધ્ય પ્રદેશના ગ્વાલિયરે ‘સંગીત’ શ્રેણીમાં પ્રખ્યાત યાદીમાં સ્થાન મેળવ્યું હતું, જયારે કોઝિકોડે ‘સાહિત્ય’ શ્રેણીમાં સ્થાન મેળવ્યું હતું. આ શહેરોમાં બુખારા (હસ્તકલા અને લોક કલા), કાસાબ્લાંકા (મીડિયા આર્ટ્સ) ચોંગકિંગ (ડિઝાઈન), કાઠમંડુ (ફિલ્મ), રિયો ડી જાનેરો (સાહિત્ય) અને ઉલાનબાતર (હસ્તકલા અને લોક કલા) સહિત યુનેસ્કો તરફથી ટેગ મેળવનાર સ્થળોની સૂચિમાં જોડાયા છે. આ નવીનતમ ઉમેરાઓ સાથે, UCCN હવે સો કરતાં વધુ દેશોમાં ૩૫૦ શહેરો છે.

## રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ તા.૨૬થી ૨૮ જૂન દરમ્યાન યોજાશે

# રાજ્યમાં બાલવાટિકાથી લઈને ધો.૧૧ સુધી કુલ ૩૨.૩૩ લાખ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે

## આંકડાકીય સિદ્ધિ નહીં-બાળક માટે સારામાં સારૂ શું હોઈ શકે તે આપવા પ્રયાસો કરીએ : CM




ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષે યોજનારા ૨૧માં શાળા પ્રવેશોત્સવ દરમ્યાન આંકડાકીય સિદ્ધિઓ કરતા બાળકના ભવિષ્ય માટે સારામાં સારૂ શું થઈ શકે તેનાર ઉપર વિશેષ ધ્યાન આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજીવારના વડાપ્રધાન પદના કાર્યકાળમાં વિકસિત ભારતનો પાયો વધુ મજબૂત બનવાનો છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતની આપણી પ્રતિબદ્ધતાને સાકાર કરવા શિક્ષણ જ સર્વાંગી વિકાસના પાયામાં સૌપ્રથમ છે. “આપણે હવે શાળાઓમાં વિશેષ શું જોઈએ છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે ગ્રામ્ય સ્તરથી લઈને શહેરી વિસ્તારો સુધી એક સમાન સ્માર્ટ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ હોય તેના ઉપર આ પ્રવેશોત્સવમાં ફોકસ કરવું છે” એમ જણાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં શાળા પ્રવેશોત્સવની ૨૧મી કડી તા. ૨૬ થી ૨૮ જૂન દરમ્યાન ‘ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની’ થીમ સાથે યોજાવાની છે. પ્રવેશોત્સવમાં સહભાગી થનારા રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ તથા પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ માટેની માર્ગદર્શન બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. મુખ્ય સચિવ રાજકુમાર અને વરિષ્ઠ આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. અધિકારીઓ સહિત વર્ગ-૧ના અધિકારીઓ આ માર્ગદર્શન બેઠકમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ માર્ગદર્શન આપતાં કહ્યું કે, સફળ પ્રયાસોને પરિણામે આઠમાં ધોરણ પછી પણ દીકરીઓ ભણતી થઈ છે. એટલું જ નહીં, ગુજરાતમાં ડ્રોપઆઉટ રેશિયોમાં પણ મોટો ઘટાડો લાવી શકાયો છે. વધુને વધુ દીકરીઓ ઉચ્ચ અભ્યાસમાં જોડાય તેને પ્રોત્સાહન આપવાં ‘નમો લક્ષ્મી’ અને વિજ્ઞાન પ્રવાહમાં વધુ બાળકો આવે તે માટે ‘નમો સરસ્વતી’ યોજના શરૂ કરી છે. મુખ્યમંત્રીએ નેશનલ એજ્યુકેશન પોલીસીનો અમલ કરનારા અગ્રીમ રાજ્યોમાં ગુજરાત એક છે અને વિકસિત ભારત ૨૦૪૭નો રોડમેપ શિક્ષણના સર્વગ્રાહી વિકાસથી કંડારવાનું આયોજન છે તેની પણ ભૂમિકા આપી હતી. શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, પ્રવેશોત્સવ દરમ્યાન બાલવાટિકામાં રાજયભરના આશરે ૧૧.૭૦ લાખથી વધુ બાળકો પ્રવેશ લેશે. આ ઉપરાંત ૩.૬૦ લાખથી વધુ બાળકો આ વર્ષે સીધાં પહેલા ધોરણમાં પ્રવેશ લેશે. મંત્રીએ કહ્યું હતું કે, વર્લ્ડ બેન્કની સહાયથી મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત અંદાજે ૧૫,૦૦૦ પ્રાથમિક અને ૫,૦૦૦ જેટલી માધ્યમિક શાળાઓમાં ૫૦,૦૦૦ ખૂટતા ઓરડાઓ, એક લાખ જેટલા સ્માર્ટ ક્લાસરૂમ તેમજ ૨૫,૦૦૦ જેટલી કોમ્પ્યુટર લેબસ્ટેમ લેબ જેવી સુવિધાઓ ટૂંક સમયમાં જ કાર્યાન્વિત થશે.

# રાજ્યસભામાં મહિલા વિપક્ષ નેતાઓનું ગઠબંધન બનાવીશું : TMC સાંસદ સાગરિકા ઘોષ

## સાગરિકા ઘોષને રાજ્યસભામાં સંસદીય દળના ડેપ્યુટી ચીફ તરીકે અભિષિક્ત કરવામાં આવ્યા છે અને તે ઓછી બહુમતી સાથે ત્રીજી વખત સત્તામાં આવેલી મોદી સરકાર સામે બાથ ભિડાવવાની તૈયારીમાં છે



નવી દિલ્હી તા.૨૬

‘સ્વાતંત્ર્યની કિંમત શાશ્વત તકેદારી છે’ - વર્તમાન શાસન સામે શા માટે શિંગડા ભીડાવ્યા છે તે સમજાવવા બહુ ઓછા ભારતીય સાંસદો છે. પરંતુ સાગરિકા ઘોષ કોઈ સામાન્ય રાજકારણી નથી. જે જાણતા નથી તે લોકો માટે, સાગરિકા ઘોષ, પૂર્વ રોડીસના વિદ્વાન અને તેમના સમયના અગ્રણી પત્રકાર, ટીવી સ્ક્રીનો ઉપરથી સંક્ષિપ્ત વિશ્રામ પછી, જાહેર જીવનમાં પાછા ફર્યા છે પરંતુ તે આ વખતે તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ તરીકે એક અલગ જ અવતારમાં છે. તેણીના પ્રથમ સંસદીય સત્ર પહેલા, હિન્દુસ્તાન ટાઈમ્સે સાગરિકા ઘોષ સાથે મુલાકાત કરી જ્યાં તેણીએ તેણીની યોજનાઓ, મોદી ૩.૦ માટેની પાર્ટીની વ્યૂહરચના, રાજકારણમાં મહિલાઓ અને ૨૦૧૨ના કુખ્યાત વાયરલ વિડિયો પછી મમતા બેનર્જી સાથે કેવી રીતે મનદુઃખ દફનાવ્યું તે વિશે વાત કરી હતી.

રાજકારણમાં મહિલા સશક્તિકરણનું બંગાળ મોડલ :

સાગરિકા સાગરિકા માને છે કે, રાજકારણમાં મહિલા સશક્તિકરણનું બંગાળ મોડલ છે જેણે તેમને અને અન્ય લોકો માટે રાજ્યસભામાં નોમિનેટ થવાનો માર્ગ મોકળો કર્યો છે. તેણી મમતા બેનર્જીને માત્ર મહિલાઓ માટે લક્ષિત કન્યાશ્રી, લક્ષ્મી ભંડાર જેવી યોજનાઓની સુવિધા આપવા માટે જ નહીં પરંતુ પંચાયતથી સંસદ સુધી લોકશાહીના તમામ કાર્યક્ષેત્રોમાં મજબૂત મહિલા નેતૃત્વ છે તેની ખાતરી કરવા માટે શ્રેય આપે છે.

નેતૃત્વની ભૂમિકામાં સાગરિકાનું પ્રમોશન TMC સુપ્રીમોની રાજનીતિમાં મહિલાઓને સશક્તિકરણ કરવાની યોજનાને અનુરૂપ છે. સાગરિકા તેના ત્રીજા કાર્યકાળમાં ખૂબ જ વહેલી તકે સરકારને ઘેરવા માટે સંસદમાં મજબૂત મહિલા વિપક્ષી નેતાઓનું ગઠબંધન બનાવવા આતુર છે. કાયદાકીય કાર્યસૂચિઓને આગળ ધપાવવા માટે, તેણી આખા માર્ગ ઉપર પહોંચવા માટે તૈયાર છે પરંતુ ભાજપના સભ્યોનું કેટલું પ્રદાન હશે તે અંગે શંકાસ્પદ છે.

NTA ઘટનાએ, મોદી ૩.૦ને, તેના હનીમૂન પીરિયડને વર્ચ્યુઅલ રીતે ઘટાડી દીધો છે. જો કે, પશ્ચિમ બંગાળ રાજ્યમાં ટીએમસી સરકારને પણ અનેક ભરતી કૌભાંડોનો સામનો કરવો પડ્યો છે જ્યાં પરીક્ષાઓનું સરળ સંચાલન એક મુદ્દો છે.

સાગરિકા ઘોષ માને છે કે, આ સંસ્થાઓ ચલાવવા માટે વ્યાવસાયિકોની ભરતી કરવામાં યુક્તિ રહેલી છે. ટીએમસીના નવા ટંકશાળિત રાજ્યસભા સાંસદે શોક વ્યક્ત કર્યો કે, ‘વધુ પડતું કેન્દ્રીકરણ અને એક માપ સાથેનું ‘ઓબ્સેશન’ તમામ સોલ્યુશનને બંધબેસે છે તે સિસ્ટમના ધોવાણ તરફ દોરી જાય છે.’ લોકસભા ચૂંટણી દરમ્યાન ટીએમસીએ બંગાળમાં પ્રચાર ટ્રાયલ ઉપર પીએમ મોદી દ્વારા કરવામાં આવેલા તમામ દાવાઓની વાસ્તવિક સમયની તથ્ય તપાસની ખાતરી કરી હતી.

‘ઉછીના લીધેલા સમયમાં, મોદી ૩.૦, ટૂંક સમયમાં તૂટી શકે છે’ : સાગરિકા

સફળતાથી ઉત્સાહિત પાર્ટી, સંસદીય સત્રો દરમિયાન પણ તેને ચાલુ રાખવાની યોજના ધરાવે છે. સાગરિકાએ રાહુલ ગાંધીના દાવાને પડઘો પાડે છે કે, મોદી ૩.૦ ઉછીના સમયમાં છે અને ટૂંક સમયમાં તૂટી શકે છે. જો કે, ઈન્ડિયા ગઠબંધનની છાવણીમાં, લોકપ્રિય પસંદગીની વિરૂદ્ધ, TMC સાંસદ, મલ્લિકાર્જુન ખડગેને સંભવિત PM તરીકે ઈચ્છે છે. ખડગેનું નામ તેમના પક્ષના સુપ્રીમો દ્વારા વિપક્ષની એક બેઠકમાં પ્રથમ રજૂ કરવામાં આવ્યું હતું. જ્યારે એવું લાગે છે કે, મમતા બેનર્જી ભારતીય રાજકારણમાં ટોચના સ્થાન ઉપર કબજો કરવા માટે કોઈ વાસ્તવિક તાત્કાલિક અવકાશ નથી, ત્યારે સાગરિકા માને છે કે, દીદી કોઈ પણ રાજકીય વારસો વિના તેને મોટી બનાવતી મહિલા તરીકે બિલને ખરેખર ફિટ કરે છે.

ઈન્દિરા ગાંધી, જયલલિતા, શેખ હસીના, બેનઝીર ભુટ્ટો અને શ્રીમાવો ભંડારનાઈકે જેવા અન્ય નામોના ઉદાહરણો ટાંકીને, સાગરિકાને આશ્ચર્ય થાય છે કે, શું મમતા ખરેખર દક્ષિણ એશિયાના રાજકારણમાં એક દુર્લભ અપવાદ છે, જ્યાં સામાન્ય રીતે મહિલા નેતાઓ સંગઠન દ્વારા સત્તા મેળવે છે અને તે જરૂરી નથી કે તેઓ સ્વ-સંબંધિત હોય.

ઉલ્લેખનિય છે કે, ૨૦૧૨માં કુખ્યાત ઈન્ટરવ્યુ, જ્યારે મમતા બેનર્જી પોતાનો પિત્તો ગુમાવી બેઠાં અને સાગરિકા ઘોષ દ્વારા એંકર કરાયેલા ટાઉન હોલમાંથી બહાર નીકળી ગયા હતાં. એવા સમયે પણ જ્યારે ‘રીલ’ અને ‘સ્ટોરીઝ’ શબ્દોનો અર્થ કંઈક અલગ જ હતો, સોશિયલ મીડિયામાં આ વીડિયો વાયરલ થયો હતો. સાગરિકા, જ્યારે તેના વિશે પૂછવામાં આવ્યું ત્યારે, ૨૦૦૭માં પત્રકાર કરણ થાપર અને ગુજરાતના તત્કાલીન સીએમ નરેન્દ્ર મોદી વચ્ચેના સમાન સામસામેના અન્ય એક ઉદાહરણનો ઉલ્લેખ કરે છે, અને જવાબ આપતા કહે છે કે, શું પીએમ ક્યારેય એન્કરને રાજ્યસભાની બેઠક ઓફર કરવાનું વિચારી શકે છે.

સાગરિકા માને છે કે, મમતા એ ગૂંચવાયેલી વાત ભૂલીને તેનાથી પણ આગળ જોઈ શકે છે અને એક દાયકા પછી તેમણે રાજ્યસભાની બેઠક ઓફર કરી છે, તે દર્શાવે છે કે, તે કેટલી મોટી લોકશાહીની હિમાયતી છે. પૂર્વ એન્કર યાદ કરે છે કે, બંગાળના મુખ્યમંત્રીએ તે જાહેર પરિણામ હોવા છતાં ક્યારેય તેની સામે કોઈ દ્વેષ રાખ્યો ન હતો, અને તેઓ સતત સંપર્કમાં હતા. તેણી દાવો કરે છે કે, મમતાએ શોમાંથી બહાર નીકળ્યાના દસ મિનિટ પછી જ તેણીને ફોન કર્યો હતો.

એક યુદ્ધ-કઠણ રાજકારણીનું રક્ષણાત્મક મિકેનિઝમ જે હજુ પણ મુખ્ય પ્રધાન બનવાના દોર શીખી રહ્યાં હતાં. અન્ય વરિષ્ઠ પત્રકારના શબ્દો ટાંકીને સાંસદ કહે છે કે તે સમયે તે ‘ટ્રેની સીએમ’ હતી. આથી, સામાન્ય પ્રશ્નો પણ એક ભવ્ય ષડયંત્રનો ભાગ હોય તેવું લાગ્યું હતું. રાજ્યસભાના સાંસદ એ પણ હાઈલાઈટ કરે છે કે, કેવી રીતે દીદીએ સમાજના એક વર્ગ તરફથી સતત ઉપહાસનો સામનો કરવો પડ્યો છે. તે આગળ કહે છે કે, મહિલા રાજકારણીઓ તેમના પુરૂષ સમકક્ષોથી વિપરીત તેમના કામ સિવાય તેઓ કેવા દેખાય છે, તેમના પોશાક, તેમના અવાજ વગેરે માટે ઠેકડી ઉડાવવાના બેવડા હુમલાનો સામનો કરે છે. સોશિયલ મીડિયા ઉપર વારંવાર ભારે હેકલિંગને આકર્ષિત કરનાર વ્યક્તિ તરીકે, સાગરિકા ઘોષ કહે છે કે, તેની સામનો કરવાની પદ્ધતિ સરળ છે ‘અપમાનજનક અવાજોને સંપૂર્ણપણે અવગણવા’.

કોઈપણ પત્રકારની મૂળભૂત આવશ્યકતા, વાર્તાના તમામ ખૂણાઓને પ્રકાશિત કરવાને બદલે, તેણીની દલીલોમાં પાર્ટી લાઈનને સખત રીતે વળગી રહેવાના પડકારોને કેવી રીતે સ્વીકારવામાં આવે છે તે વિશે પૂછવામાં આવ્યું ત્યારે, સાગરિકા દાવો કરે છે કે, તે હવે ‘મુક્ત’ અનુભવે છે અને તે હવે ઝેરી જેલથી મુક્ત છે’. પૂર્વ પત્રકાર માને છે કે, ટીવી મીડિયા હાલમાં સંપૂર્ણ રીતે શાસક શાસનની લાઈનને અનુસરે છે જ્યારે તેણીએ કોલમ અને જાહેર કાર્યક્રમોમાં તેના મંતવ્યો ફિલ્ટર કરવાની જરૂર નથી. સાગરિકા દાવો કરે છે કે, તે સભાઓમાં ખુલ્લેઆમ પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરવા માટે સ્વતંત્ર છે. અને મમતા બેનર્જી વિરોધાભાસી દૃષ્ટિકોણ માટે ખૂબ જ ખુલ્લા છે અને તેને ધીરજપૂર્વક સાંભળે છે.

ઘણા પત્રકારોને અગાઉ રાજ્યસભાની ટિકિટ મળી હતી અને બાદમાં તેમનો કાર્યકાળ પૂરો થતાં સક્રિય રાજકારણમાંથી દૂર થઈ ગયા હતા. જો કે, સાગરિકા ઘોષની આવી કોઈ યોજના નથી અને તે જાહેર જીવનમાં લાંબી ઈનિંગ્સ રમવા માંગે છે. ૫૯ વર્ષની ઉંમરે, ઘોષ માને છે કે, તેમની પાસે રાજકારણમાં કેટલાક અર્થપૂર્ણ ફેરફારો કરવાનો સમય છે. વર્ષોથી, મહુઆ મોઈત્રા દ્વારા લોકસભામાં મોદી સરકારની હકાલપટ્ટીએ એક સંપ્રદાયનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે. સાગરિકા રાજ્યસભામાં આવી જ લહેર ઉભી કરી શકશે કે કેમ તે તો આવનારો સમય જ કહેશે.

આજે ૨૬ જુન 'એન્ટી ડ્રગ્સ ડે'

# ગીર સોમનાથ જીલ્લો ડ્રગ્સ અંગે પગલા અને જાગૃતિમાં સતર્ક છે

## વિતેલા ત્રણ વર્ષમાં વિક્રમજનક કામગીરી કરી લોકો સુધી પહોંચતા ડ્રગ્સને અટકાવ્યું અને જેના છેડા વિદેશ સુધી હતા એવા આરોપીઓને પણ પકડયા



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૬

યુનાઈટેડ નેશનની મુહીમ અનુસાર દર વર્ષ ૨૬ જુને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દિવસ' ઉજવાય છે. જેમાં ડ્રગ્સને લીધે લોકોની આરોગ્ય, આર્થિક અને સામાજીક રીતે થતી બરબાદી સામે જાગૃત કરાય છે.

ગગીર સોમનાથ જીલ્લામાં ડ્રગ્સનું સેવન કે વેચાણ સાવ નહીં બરાબર છે. પરંતુ ગીર સોમનાથ જીલ્લાનો દરિયાકાંઠો ૧૧૦ કિ.મી. લાંબો છે. અને તે પણ આંતરરાષ્ટ્રીય સમુદ્ર સરહદ સાથે જોડાયેલો છે. જેથી નાપાક તત્વો અવાર-નવાર દરિયાકાંઠે પેકેટો ફેંકી યુવા ધનને બરબાદ કરી રાષ્ટ્રની તાકાત તોડવા છેલ્લા બે-ત્રણ વર્ષથી પ્રયાસ કરી રહયા છે.

ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા આ દુષણને ડામવા દ્રઢ સંકલ્પબધ્ધ છે. વર્ષ ૨૦૨૨ માં અંદાજે ૨૩ થી ૨૪ આરોપીના મુળ સુધી જઈ પકડયા અને રૂા.૩૫૦ કરોડનું ડ્રગ્સ આરોપીઓ સાથે પકડી ગુજરાત પોલીસમાં વિક્રમજનક કામગીરી બજાવી હતી. જે બદલ ખુદ રાજયના પોલીસવડા આ કામગીરીને બિરદાવવા સોમનાથ આવ્યા હતા અને ખાસ સમારંભ યોજી તમામ પોલીસ સ્ટાફને બિરદાવેલ હતું.

ગીર સોમનાથ એસઓજી પોલીસ, એલસીબી પોલીસ, મરીન પોલીસ અને દરિયાકાંઠા વિસ્તારના ગામોમાંના પોલીસ સ્ટેશનો હજુ પણ સજાગ છે અને લોકોમાં ડ્રગ્સથી થતા નુકશાન અંગે જાગૃતિ આવે તે માટે ગ્રુપ બેઠક, માછીમાર સમાજ સાથે બેઠક, પત્રિકા વિતરણ, વિડીયો કલીપ પ્રસારણ અને આવા કાર્યમાં ઉપયોગી થયેલ નાગરીકોનું સન્માન સહિતના અનેક કાર્યક્રમો યોજતું જ રહેલ છે.

સૌથી મોટા દરોડાની વિગત જોઈએ તો ગુજરાત રાજયનું યુવાધન મોજશોખ ખાતર જાણે કે અજાણે નશાની લતમાં ગળાડૂબ થઈ ગાંજો, અફીણ, કોકીન, હેરોઈન જેવા નશાકારક પદાર્થોનું સેવન કરીને અથવા તેની હેરાફેરી કરતા તત્વોને ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના વડપણ હેઠળ તત્કાલીન એલસીબી પીઆઈ એમ.એસ. રાણા, એસઓજી પીઆઈ જે.એન. ગઢવી, પીઆઈ એ.બી. જાડેજા, પીએસઆઈ વી.કે. ઝાલા, એ.બી. વોરા સહિત સમગ્ર સ્ટાફે વેરાવળની બંદર નળીયા ગોદી પાસેથી ત્રણ આરોપીઓ અને ૬ શખ્સોને રાઉન્ડઅપ કરી કુલ રૂા.૨૫૦,૧૮,૧૨૦૦/- નો મુદામાલ પકડી પાડેલ હતો.

આ ઉપરાંત સુત્રાપાડા પાસેથી ૩૩૦૦ કિલોગ્રામ ગાંજા સાથે બે આરોપીની ધરપકડ કરી હતી. સુત્રાપાડાના ધામળેજ બંદરે તણાઈ આવેલ ચરસનો જથ્થો પકડેલ એજ રીતે હિરાકોટ બંદરેથી ૨૬.૪૫ લાખનો ચરસનો જથ્થો પકડેલ હતો. આ ઉપરાંત ગીર સોમનાથ પોલીસે જીલ્લામાં પ્રથમ વખત મેકડ્રોન ડ્રગ્સને પણ પકડેલ છે.

આમ ગીર સોમનાથ જીલ્લા પોલીસની સજાગતા, નાગરીકોનો સહકાર અને જીલ્લાની પોલીસ બ્રાન્ચો તેમજ પોલીસ સ્ટેશનોની સક્રિયતાથી બહાર જતું ડ્રગ્સ અટકયું છે અને સ્થાનિકો આ બદીથી દુર જ રહે તેવી મજબુત કાર્યવાહી કરતી રહે છે.

# રાહુલ દ્રવિડ, જસપ્રિત બુમરાહ અને સૂર્યકુમાર યાદવે યિપ્પીનું નવું અભિયાન 'YiPPee! Toss' લોન્ચ કર્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૬

હાલ જયારે સમગ્ર દેશમાં ક્રિકેટનો ફીવર છવાયેલો છે, ત્યારે જસપ્રિત બુમરાહ તથા સૂર્યકુમાર યાદવ દ્વારા તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર 'ધ ટોસ' વિષે કરાયેલી એક ભેદી પોસ્ટને લઈને ઈન્ટરનેટ પર ભારે ચર્ચાઓ છેડાઈ છે. આ ખેલાડીઓની પત્નીઓએ પણ તેના વિષે પોસ્ટ્સ કરવાને કારણે ચાહકોની ઉત્સુકતા અને જિજ્ઞાસામાં વધારો થયો છે.

ક્રિકેટરો કઈ બાબત અંગે ટોસિંગ કરી રહ્યાં છે તે અંગે જયારે ઈન્ટરનેટ પર લોકો આશ્ચર્યમાં ગરકાવ હતાં ત્યારે Sunfeast YiPPee! બ્રાન્ડે ઈન્સ્ટાગ્રામ પર તેના ભવ્ય અભિયાન 'YiPPee! Toss'નું અનાવરણ કરી તમામ અટકળોનો અંત આણ્યો હતો.

આઈટીસી લિમિટેડની અગ્રણી ઈન્સ્ટન્ટ નૂડલ એન્ડ પાસ્તા બ્રાન્ડ Sunfeast-YiPPee!, દેશના સૌથી લોકપ્રિય ક્રિકેટરો રાહુલ દ્રવિડ, જસપ્રિત બુમરાહ અને સૂર્યકુમાર યાદવને ચમકાવતી એક તદન નવી ઝુંબેશ સાથે પાછી ફરી છે.

તાજેતરમાં લોન્ચ થયેલા ટીવીસીમાં દ્રવિડ, બુમરાહ અને 'સ્કાય'ને હળવાશભર્યા દ્રશ્યોમાં રજૂ કરવામાં આવ્યા છે, જેમાં તેઓ 'YiPPee!-Toss' દ્વારા રોજની મૈત્રીપૂર્ણ ચેષ્ટાઓ માટે 'યિપ્પીનૂડલ્સ'નો ઉપયોગ કરે છે. તે બ્રાન્ડની લોંગ એન્ડ નોન-સ્ટીકી નૂડલ્સની મુખ્ય યુએસપી અંગેની એક નવું નાટક છે. આ અભિયાન યિપ્પીને 'ભારતની પસંદગી' તરીકેનું સ્થાન અપાવે છે.

આ ઝુંબેશ વિષે વાત કરતાં આઈટીસી લિમિટેડના ફૂડ બિઝનેસના સ્નેકસ, નૂડલ્સ એન્ડ પાસ્તાના ચીફ ઓપરેટિંગ ઓફિસર કવિતા ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, "ભારતમાં ક્રિકેટ એક લાગણી છે અને આપણા ગ્રાહકો સાથે જોડાવા માટે રમત અને યિપ્પી! નૂડલ્સની સ્વાદિષ્ટતાને એક સાથે લાવવા કરતાં વધુ સારી રીત કઈ હોઈ શકે. આ અભિયાન મિત્રો અને પરિવાર સાથે અમારી બ્રાન્ડની ઉર્જા અને યિપ્પી! ના બાઉલનો સ્વાદ માણવાના આનંદની ઉજવણી કરે છે."

BCCIએ કરી ચોંકાવનારી જાહેરાત

# નવા ચહેરાઓને આપી તક, લગભગ તમામ સિનિયર ખેલાડીઓને આરામ

## આ T20 સિરીઝ માટે પસંદ કરાયેલ ટીમની કમાન યુવા જમણા હાથના ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલના હાથમાં આપવામાં આવી છે

નવી દિલ્હી,તા.૨૬

T20 વર્લ્ડ કપ ૨૦૨૪ બાદ તરત જ ભારતીય ટીમ ૫ મેચની T20 સિરીઝ માટે ઝિમ્બાબ્વેનો પ્રવાસ કરવા જઈ રહી છે. ૬ જુલાઈથી શરૂ થનાર આ સીરિઝ માટે BCCI ભારતીય ટીમની જાહેરાત કરીને સૌ ક્રિકેટ રસિયાઓને ચોંકાવી દીધા છે. આ T20 સિરીઝ માટે પસંદ કરાયેલ ટીમની કમાન યુવા જમણા હાથના ઓપનિંગ બેટ્સમેન શુભમન ગિલના હાથમાં આપવામાં આવી છે.

બીસીસીઆઈએ ઝિમ્બાબ્વે પ્રવાસ માટે લગભગ તમામ સિનિયર ખેલાડીઓને આરામ આપ્યો છે. સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ, વિરાટ કોહલી અને રોહિત શર્મા આ પ્રવાસમાં ટીમ ઈન્ડિયાનો ભાગ રહેશે નહીં.

આઈપીએલ ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કરનારા ઘણા ખેલાડીઓને ટીમ ઈન્ડિયામાં પસંદ કરવામાં આવ્યા છે. તેમાં ઋતુરાજ ગાયકવાડ, રિંકુ સિંહ, સંજુ સેમસન, ધ્રુવ ઝુરેલ, અવેશ ખાન, મુકેશ કુમાર અને રવિ બિશ્નોઈનો સમાવેશ થાય છે. બીસીસીઆઈએ ઝિમ્બાબ્વેમાં નવી ભારતીય ટીમ મોકલવાનો નિર્ણય કર્યો છે.

ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત: શુભમન ગિલ, યશસ્વી જયસ્વાલ, ઋતુરાજ ગાયકવાડ ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ટીમમાં ટોપ ઓર્ડરની જવાબદારી સંભાળશે. ટીમમાં બે વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન અને ધ્રુવ જુરેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. મિડલ ઓર્ડરની જવાબદારી અભિષેક શર્મા, રિંકુ સિંહ, રિયાન પરાગ અને નીતિશ રેડ્ડી પર રહેશે. તે જ સમયે, ફાસ્ટ બોલિંગની કમાન મુકેશ કુમારના હાથમાં રહેશે, જેને અવેશ ખાન, ખલીલ અહેમદ અને તુષાર દેશપાંડે સાથ આપશે.

આ સાથે જ ટીમમાં ૨ સ્પિન બોલર વોશિંગ્ટન સુંદર અને રવિ બિશ્નોઈનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ પણ નોંધનીય છે કે નીતિશ કુમાર રેડ્ડી ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર છે. તે જ સમયે, જમણા હાથનો બેટ્સમેન રિયાન પરાગ પણ તેની સ્પિનનો જાદુ વાપરવામાં માહિર છે.ભારતે ઝિમ્બાબ્વેના પ્રવાસ પર ૫ મેચની T20 શ્રેણી રમવાની છે. પાંચેય મેચ હરારેમાં રમાશે, જે ભારતીય સમય અનુસાર સાંજે ૪:૩૦ વાગ્યે શરૂ થશે. શ્રેણીની પ્રથમ મેચ ૬ જુલાઈએ રમાશે. જયારે છેલ્લી મેચ ૧૪મી જુલાઈના રોજ રમાશે.

પ્રથમ T20 મેચ - ૬ જુલાઈ,
બીજી T20 મેચ – ૭ જુલાઈ,
ત્રીજી T20 મેચ - ૧૦ જુલાઈ,
ચોથી T20 મેચ - ૧૩ જુલાઈ,
પાંચમી T20 મેચ - ૧૪ જુલાઈ

# મધુરમ વિસ્તારમાં ગટરના કામને લીધે ભારે નુકશાન થવા અંગે કલેકટરને રજુઆત

જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ શહેરમાં મધુરમ વિસ્તારમાં રહેતા મંગાભાઈ અરજણભાઈ વાઘેલાએ જીલ્લા કલેકટરને એક લેખિત પત્ર પાઠવી મનપા દ્વારા મધુરમ વિસ્તારમાં અન્નપુર્ણા મંદિર પાછળની સોસાયટીમાં ચાલતા ગટર અને પાણીની લાઈનના કામનો લીધે રોડ ખોદી નાખવામા ંઆવેલ હોય જેના લીધે તેમના પાણીના બોર તથા મોટરને ભારે નુકશાન થયેલ છે અને પાણી આવતું બંધ થઈ ગયેલ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં સંડાસની લાઈન પણ તોડી નાખવામાં આવતા ભારે ગંદકી ફેલાયેલ છે અને ચોમાસુ ચાલુ હોય જેના લીધે રોગચાળો વકરે તેવી ભીંતિ સેવાઈ રહી છે. ત્યારે આ બાબતે સ્થળ તપાસણી કરી પાણીના બોરને થયેલ નુકશાનનું વળતર આપવા તથા રોડ-રસ્તા ગટરની કામગીરી તાત્કાલીક પુર્ણ કરીને વ્યવસ્થિત રોડ-રસ્તા બનાવવા અંગે પગલા ભરવા માંગણી કરી છે.

# સમગ્ર રાજયમાં આજથી ૨૧માં શાળા પ્રવેશોત્સવ, કન્યા-કેળવણી મહોત્સવનો પ્રારંભ

## ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં અંદાજે ૩૨.૩૩ લાખ બાળકોનો શાળા પ્રવેશોત્સવ થશે

### મુખ્યમંત્રી શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે વનવાસી ડાંગ જિલ્લાના અંતરિયાળ સરહદી ગામ બિલિઆંબામાં બાળકોનો શાળા પ્રવેશ કરાવશે

### ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં વિધાનસભા અધ્યક્ષશ્રી સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ IAS, IPS, IFS અને વર્ગ-૧ના કુલ ૩૬૭ અધિકારીઓ વિવિધ સ્થળોએથી બાળકોનું શાળા નામાંકન કરાવશે

ગાંધીનગર તા. ૨૬

ગુજરાતમાં કન્યા કેળવણી દ્વારા દીકરીઓના અભ્યાસને પ્રોત્સાહન આપવા અને પ્રાથમિક શિક્ષણને વેગવંતુ કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં પાછલા બે દાયકાથી શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ મહોત્સવની ૨૧મી કડી આજ તા. ૨૬ જૂન થી શુક્રવાર તા.૨૮ જૂનના દિવસો દરમ્યાન યોજવામાં આવશે. 'ઉજવણી ઉલ્લાસમય શિક્ષણ'ના વિષય સાથે યોજાનારા આ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પ્રથમ દિવસે બુધવાર તા. ૨૬મી જૂને વનવાસી ડાંગ જિલ્લાના સરહદી ગામ બિલિઆંબાની શાળામાં બાળકોનું શાળા નામાંકન કરાવશે. મુખ્યમંત્રી બિલિઆંબા પ્રાથમિક શાળામાં ૨૪ બાળકોને ધોરણ-૧માં, ૨૧ બાળકોને બાલવાટિકામાં અને ૭ ભૂલકાંઓને આંગણવાડીમાં પ્રવેશ અપાવશે. મુખ્યમંત્રી બીજા દિવસે તા. ૨૭ જૂનના છોટાઉદેપુર તાલુકામાં અને અંતિમ દિવસ તા. ૨૮ જૂને સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકામાં શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થવાના છે.


રાજયમાં દૂરદરાજના અંતરિયાળ ગામો સુધી શિક્ષણની જ્યોત પ્રજ્વલિત કરવાના આ શિક્ષણ સેવા યજ્ઞમાં વિધાનસભા અધ્યક્ષશ્રી સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ તેમજ IAS, IPS, IFS સહિત વર્ગ-૧ ના કુલ મળીને ૩૬૭ ઉચ્ચ અધિકારીઓ વિવિધ સ્થળોએ ઉપસ્થિત રહી બાળકોનો શાળા પ્રવેશ કરાવશે.

તદ અનુસાર વિધાનસભા અધ્યક્ષશ્રી અને અન્ય મંત્રીઓ જે સ્થળોએથી શાળા પ્રવેશોત્સવ કરાવશે તેમાં, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી બનાસકાંઠા જિલ્લામાં, નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ વલસાડ જિલ્લામાં, આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ મહેસાણા જિલ્લામાં, કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલ રાજકોટ જિલ્લામાં, ઉદ્યોગ તથા શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂત પાટણ જિલ્લાના સિદ્ધપુર અને સરસ્વતી તથા બનાસકાંઠાના પાલનપુર ખાતે જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા ભાવનગર જિલ્લામાં, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા જામનગર જિલ્લા ખાતે આદિજાતિ મંત્રી કુબેરભાઈ ડીંડોર મહીસાગર જિલ્લામાં અને મહિલા તથા બાળકલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા નર્મદા જિલ્લા ખાતે પ્રવેશોત્સવમાં સહભાગી થશે.

રાજ્યકક્ષાના મંત્રીઓમાં, ગૃહ અને રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવી સુરતમાં, સહકાર અને લઘુ ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્મા ખેડા જિલ્લા ખાતે, મત્સ્યોદ્યોગ અને પશુપાલન મંત્રી પરષોતમભાઈ સોલંકી ભાવનગર જિલ્લામાં, પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ દાહોદ જિલ્લામાં, વન અને પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ સુરત અને નવસારી ખાતે, શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા જૂનાગઢમાં, આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજીભાઈ હળપતિ તાપી જિલ્લા ખાતે શાળા પ્રવેશોત્સવમાં જોડાશે.

આ ઉપરાંત ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડકો પણ શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થવાના છે, તેમાં બાળકૃષ્ણ ખંડેરાવ શુકલ વડોદરામાં, જગદીશ મકવાણા સુરેન્દ્રનગર ખાતે, કૌશિકભાઈ વેકરિયા અમરેલીમાં, રમણભાઈ સોલંકી આણંદ ખાતે અને વિજયભાઈ પટેલ ડાંગમાં બાળકોને શાળા પ્રવેશ કરાવશે. સમગ્ર રાજ્યમાં આ ત્રિદિવસીય પ્રવેશોત્સવ દરમ્યાન કુલ ૩૨.૩૩ લાખ બાળકોનું શાળા નામાંકન કરવામાં આવશે. તેમાં બાલવાટિકામાં પ્રવેશપાત્ર ૧૧.૭૩ લાખ, ધોરણ-૧માં પ્રવેશપાત્ર ૩.૬૨ લાખ, ધોરણ-૮ થી ૯માં પ્રવેશપાત્ર ૧૦.૩૫ લાખ અને ધોરણ-૧૦ થી ૧૧માં પ્રવેશપાત્ર ૬.૬૧ લાખ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવમાં પ્રવેશ અપાશે.

# ડ્રોન અંગે જાગૃતિ સંદર્ભે દ્વારકામાં અવેરનેસ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૬

દેવભૂમિ દ્વારકામાં સંવેદનશીલ દરિયાકાંઠો તેમજ આ વિસ્તારમાં અનેક ઔદ્યોગિક એકમો હોવાથી સ્થાનિક ધંધાર્થીઓ તેમજ હોટેલ અને ટ્રાવેલ્સ વ્યવસ્થા સાથે સંકળાયેલા લોકો માટે પોલીસ તંત્ર દ્વારા ડ્રોન અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દ્વારકા ખાતે હોટલ વ્યવસાય, ટ્રાવેલ્સ તેમજ મંદિર સંલગ્ન વ્યવસાય સાથે જોડાયેલા નગરજનોને ડ્રોન બાબતે જાગૃત કરવા માટે યોજવામાં આવેલા ડ્રોન અવેરનેસ કાર્યક્રમમાં ડ્રોન તેમજ ડ્રોનના રીમોટ કેવી રીતે ઓળખી શકાય તેમજ ડ્રોન ઉડાવવા માટે પ્રતિબંધિત જાહેર કરાયેલા વિસ્તારો અંગેની સવિસ્તૃત માહિતી પોલીસ વડા નિતેશ પાંડેય તેમજ દ્વારકાના ડી.વાય.એસ.પી. સાગર રાઠોડ દ્વારા ઉપસ્થિતોને આપવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રામજનોમાં ડ્રોન બાબતે જાગૃતિ લાવવા માટે ડ્રોન વોલીન્ટીયર બની અને રાષ્ટ્રની સુરક્ષા, એકમોની સુરક્ષા અને ગામડાઓની સુરક્ષા માટે કેવી રીતે સહભાગી થઈ શકાય છે, તે અંગેની માહિતી પણ આપવામાં આવી હતી.

આ આયોજનમાં ડ્રોન વોલીન્ટીયર વોટ્સએપ ગ્રુપ પણ બનાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત દ્વારકાધીશ મંદિરની આજુબાજુમાં આવેલી હોટલો તથા દુકાનો પર ડ્રોન અવેરનેસ અંગેના પેમ્પલેટ પણ લગાવવામાં આવ્યા હતા.

આ આયોજનમાં દ્વારકાના પી.આઈ. તુષાર પટેલ તેમજ એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પ્રશાંત સિંગરખીયા તથા સ્ટાફ જોડાયા હતા.

આશા રાખીએ છીએ કે મંદિરનું નિર્માણ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જશે

# નૃપેન્દ્ર મિશ્રાએ મંદિરનું નિર્માણ પૂર્ણ થવાને લઈને આપી મહત્વની માહિતી

## ૨૨ જાન્યુઆરીથી ૨૩ જૂન સુધીમાં ૧.૭૫ કરોડથી વધુ ભક્તો રામલલાના દર્શન કરવા મંદિરમાં આવ્યા

અયોધ્યા,તા.૨૬

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ સોમવારે કહ્યું કે રામ મંદિરનો પહેલો માળ આ વર્ષે જુલાઈ સુધીમાં પૂર્ણ થઈ જશે અને આશા વ્યક્ત કરી કે રામ મંદિરનું નિર્માણ કાર્ય ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં સંપુર્ણ થઈ જશે. મિશ્રાએ અયોધ્યામાં પત્રકારોને કહ્યું, "નિર્માણ હેઠળ મંદિરના પહેલા માળનું કામ જુલાઈના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે. જુલાઈ પછી હવે માત્ર બીજા માળનું બાંધકામ બાકી રહેશે. તેથી, અમે આશા રાખીએ છીએ કે મંદિરનું નિર્માણ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જશે.' મિશ્રાએ કહ્યું કે રાજસ્થાનના માર્બલનો ઉપયોગ 'રામ દરબાર' અને સાત મંદિર બનાવવા માટે કરવામાં આવશે અને આ માટે ચાર શિલ્પકારોની પસંદગી પણ કરવામાં આવી છે. રામ મંદિરમાં આવનારા ભક્તોના કપાળ પર તિલક ન લગાવવાને લઈને મીડિયાના એક વિભાગમાં ઉભા થયેલા વિવાદ પર મિશ્રાએ કહ્યું, "પહેલા જે ભક્તો આવતા હતા તેઓને તિલક લગાવવામાં આવતું ન હતું. તેઓ ભગવાનના દર્શન કરીને વિદાય લેતા હતા. બીજા દરવાજેથી આવેલા અમુક ખાસ લોકોને જ તિલક લગાવવામાં આવ્યું હતું. મિશ્રાએ કહ્યું, "તેથી એ કહેવું સંપૂર્ણપણે ભ્રામક છે કે ભગવાનનું તિલક અને ચરણામૃત આપવામાં આવતું નથી. કોઈ નવા નિયંત્રણો લાદવામાં આવ્યા નથી. દરેક વ્યક્તિ સાથે સમાન વર્તન કરવામાં આવે છે, પછી તે સામાન્ય ભકત હોય કે કોઈ ખાસ."

મિશ્રાએ કહ્યું કે ૨૨ જાન્યુઆરીથી ૨૩ જૂન સુધીમાં ૧.૭૫ કરોડથી વધુ ભક્તો રામલલાના દર્શન કરવા મંદિરમાં આવ્યા છે. તેમણે કહ્યું કે મંદિરમાં દરરોજ સરેરાશ એક લાખ ભક્તો દર્શન માટે આવે છે. તેમણે કહ્યું કે આ મહિનાના અંત સુધીમાં એવી આશા છે કે બે કરોડ ભક્તો મંદિરમાં દર્શન માટે આવી જશે. આ વર્ષે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યાના મંદિરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં રામલલાની નવી મૂર્તિનો અભિષેક કરવામાં આવ્યો હતો. મોદીએ ભવ્ય મંદિર બનાવવા અને આગામી ૧,૦૦૦ વર્ષ માટે "મજબૂત, સક્ષમ અને દિવ્ય" ભારતનો પાયો નાખવાની પણ હાકલ કરી હતી. પરંપરાગત નાગારા શૈલીમાં બનેલું મંદિર સંકુલ ૩૮૦ ફૂટ લાંબુ (પૂર્વ-પશ્ચિમ દિશા), ૨૫૦ ફૂટ પહોળું અને ૧૬૧ ફૂટ ઊંચું છે. મંદિરનો દરેક માળ ૨૦ ફૂટ ઊંચો છે અને તેમાં કુલ ૩૯૨ થાંભલા અને ૪૪ દરવાજા છે. મંદિરના સ્તંભો અને દિવાલો પર હિંદુ દેવી-દેવતાઓના શિલ્પો કોતરેલા છે.

NIPUN BHARAT | समग्र शिक्षा Samagra Shiksha



# કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪



# ઉજવણી... ઉલ્લાસમય શિક્ષણની

## ૨૬-૨૭-૨૮ જૂન, ૨૦૨૪

## મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ

અંતર્ગત

- **૫૦,૦૦૦** નવા વર્ગખંડ
- **૧,૦૦,૦૦૦+** સ્માર્ટ ક્લાસરૂમ
- **3+ લાખ** કમ્પ્યુટર્સ સાથે **૨૫,૦૦૦+** કમ્પ્યુટર/STEM લેબ્સ

## શિક્ષણની ગુણવત્તામાં સુધારણા માટે પ્રતિબદ્ધ ગુજરાત સરકાર

**૧૦ લાખ** થી વધુ
**દીકરીઓને નમો લક્ષ્મી** યોજનાનો લાભ

**3 લાખ** થી વધુ વિદ્યાર્થીઓને
**નમો સરસ્વતી વિજ્ઞાન સાધના** યોજનાઓનો લાભ

**૧ લાખ** થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને
મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરિટ સ્કૉલરશિપ, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કૉલરશિપ અને જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ યોજનાઓનો લાભ

## જિલ્લા અને તાલુકા કક્ષાએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની શરૂઆત